CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ - પૂનમ    બુધવાર તા.૨૯-૦૭-૨૦૨૬    અંક : ૩૨૩ વર્ષ : ૨૩    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

## એન્ટિ પેપર લીક બિલ પર ચર્ચા

# નવા શિક્ષણ મંત્રી પર પ્રિયંકાના આક્ષેપથી સંસદમાં ભારે હંગામો

## નવા શિક્ષણ મંત્રી પર કરાયેલી આ ટિપ્પણી એક પ્રકારે ચારિત્ર્યહનન, આ નિવેદનને સંસદના રેકોર્ડમાંથી હટાવવામાં આવે: કિરેન રિજિજૂ

નવી દિલ્હી,

સંસદમાં પેપર લીક રોકવા માટે લાવવામાં આવેલા એન્ટિ પેપર લીક બિલ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચારનો મુદ્દો ઉઠાવતા સવાલ કર્યો હતો કે, દેશના યુવાનો પર પેલેટ ગન અને છ્દ્ધ-૪૭નો ઉપયોગ કરવાની શું જરૂર હતી? શું આ યુવાનો કોઈ આતંકવાદીઓ હતા?

આ મુદ્દે લોકસભામાં હોબાળો મચી ગયો હતો અને તેના જવાબમાં પ્રિયંકા ગાંધીએ સીધો સવાલ કર્યો કે આ આદેશ કોણે આપ્યો હતો વડા



પ્રધાન કે ગૃહ પ્રધાન? તેમણે કહ્યું કે આ માત્ર કોંગ્રેસનો નહીં, પરંતુ સમગ્ર દેશનો સવાલ છે અને સરકારે તેનો જવાબ આપવો જ પડશે. તેમણે સરકારને સવાલ કર્યો કે તેઓ દેશના યુવાનોથી કેમ ડરે છે? વિદ્યાર્થીઓના સમર્થનમાં તેમણે કહ્યું કે કોઈની પીડાની મજાક ન ઉડાવવી જોઈએ.

પ્રિયંકા ગાંધીએ સરકાર પર શિક્ષણ વ્યવસ્થામાં ઘૂસેલા દૂષણો પર ચર્ચા કરી હતી. આ દરમિયાન તેમણે આક્ષેપ કર્યો હતો કે ઈજીજીના લોકોને ભરી દેવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. આ ઉપરાંત, તેમણે દ્ઈઈ્ પરીક્ષાના આર્થિક પાસા પર પણ નિશાન સાધતા જણાવ્યું કે દેશનું કુલ શિક્ષણ બજેટ ૧.૪ લાખ કરોડ રૂપિયા છે, જ્યારે માત્ર દ્ઈઈ્ ના વિદ્યાર્થીઓ પાસેથી જ ૧.૩૨ લાખ કરોડ રૂપિયા ખેંચી લેવામાં આવે છે. શિક્ષણ બજેટ ૧.૪ લાખ કરોડ રૂપિયા સામે લાખો રૂપિયાની ઉદ્યોગપતિઓને લોન માફી કરવામાં આવી છે. આટલું થયા પછી પણ સરકાર માત્ર પોતાના ઈ, નેરેટિવ ચેન્જ અને પાલતુ મીડિયાના સહારે બચી જવાની વિચારસરણી ધરાવે છે તે અત્યંત અફસોસજનક છે.

તેમણે ધર્મેન્દ્ર પ્રધાનના સ્વાગત મુદ્દે પણ આક્ષેપ કર્યો હતો કે, શિક્ષણ પ્રધાનના રાજીનામા બાદ ગઈકાલે સંસદના મકર દ્વાર પર સત્તા પક્ષના નેતાઓ દ્વારા ઝિંદાબાદના નારા સાથે તેનું સ્વાગત કરવાં આવ્યું. તેમણે કહ્યું હતું કે એક તરફ મહારાષ્ટ્રમાં એક પરિવાર પોતાની દીકરીના મોતનો શોક મનાવી રહ્યો હતો, ત્યારે બીજી તરફ ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાનનું એક સુપરસ્ટારની જેમ સ્વાગત કરવામાં આવી રહ્યું હતું, જયાં આંખોમાં શરમ હોવી જોઈએ, ત્યાં સન્માન થઈ રહ્યું છે.

રોજગારી અને પરીક્ષા પ્રણાલી અંગે પ્રિયંકાએ જણાવ્યું કે આ સરકારે રોજગાર પેદા કરતા તમામ સેક્ટરોને નબળા પાડી દીધા છે. છેલ્લા દાયકામાં ૧૫૨ વખત પેપર લીક થયા છે, જેનાથી

## કાયદો હાથમાં લેનાર પર કાર્યવાહી જરુરી' સુપ્રીમ

### વિદ્યાર્થીઓના વિરોધ-પ્રદર્શનો દરમિયાન બનેલી ઘટનાઓની નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ થવી જોઈએ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે દેશભરમાં વિદ્યાર્થીઓના વિરોધ-પ્રદર્શનો દરમિયાન બનેલી ઘટનાઓની નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ થવી જોઈએ. ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંતે જણાવ્યું કે લોકશાહીમાં વિરોધ-પ્રદર્શનો એ તેનો એક સહજ ભાગ છે અને દેશભરમાં સાર્વજનિક પ્રદર્શનો અને વિરોધ-પ્રદર્શનો પર પોલીસની પ્રતિક્રિયાને નિયંત્રિત કરવા માટે એક સ્પષ્ટ પ્રોટોકોલની આવશ્યકતા છે.

સુપ્રીમ કોર્ટે પૂછ્યું છે કે વિદ્યાર્થીઓના પ્રદર્શનો દરમિયાન પોલીસના અત્યાચારોના આક્ષેપોની સ્વતંત્ર તપાસ કેમ ન થવી જોઈએ? સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો દરમિયાન થયેલી હિંસા પર કહ્યું કે જે લોકોએ પણ અત્યાચાર કર્યો અથવા કાયદો પોતાના હાથમાં લીધો, તેમની સામે કાર્યવાહી થવી જોઈએ. અદાલતે કહ્યું કે નીટ (NEET) પરીક્ષાનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસના અત્યાચારો સાથે જોડાયેલા તમામ આક્ષેપોની નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ જરૂરી છે. પ્રદર્શનકારીઓ સામે પોલીસની કાર્યવાહી પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો નક્કી કરેલા નિયમોનું ઉલ્લંઘન થાય છે તો કાયદાએ આના પર કાર્યવાહી કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે લોકશાહીમાં વિરોધ-પ્રદર્શનો તો થતા જ હોય છે. કોર્ટે એમ પણ કહ્યું કે જ્યારે વિરોધ-પ્રદર્શન અને પોલીસની કાર્યવાહી માટે એક સમાન નિયમો લાગુ થઈ જશે, ત્યારે જે કોઈએ પણ અત્યાચાર કર્યો છે, કાયદો પોતાના હાથમાં લીધો છે કે જુલમ કર્યો છે, તેને કાયદાના દાયરામાં લાવવો જોઈએ. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે જણાવ્યું કે કોર્ટ પોલીસ હિંસાના આક્ષેપોની તપાસ કરી રહી છે, જેમાં ગંભીર ઈજાઓ, મહિલાઓ, વકીલો અને મીડિયાકર્મીઓ પરના હુમલાના દાવાઓ સામેલ છે.

## ફેસબુકે નીટ પેપર લીક પર પીએમ મોદીનો સંબોધન કરતો વીડિયો હટાવ્યો, હોબાળો થયા બાદ માફી માંગી

### આ કન્ટેન્ટ ભૂલથી દૂર કરવામાં આવ્યું હતું અને હવે તેને પુનઃસ્થાપિત કરવામાં આવ્યું છે: મેટાના પ્રવક્તા

નવીદિલ્હી,

નીટ પેપર લીકના મુદ્દા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના યુવાનોને સંબોધન કર્યું હતું અને એક સેલ્ફી વીડિયો પોસ્ટ કર્યો હતો જેણે તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. જોકે, એમઈટીએએ ફેસબુક પરથી આ વીડિયો હટાવી દીધો. જ્યારે આ વાત લોકો સમક્ષ જાણીતી થઈ, ત્યારે વીડિયો હટાવવા પર હોબાળો મચી ગયો. સ્ઈ્છ એ હવે એક નિવેદન જારી કરીને સમગ્ર વિવાદ માટે માફી માંગી છે. ચાલો જાણીએ કે મેટાએ આ અંગે શું માહિતી આપી છે.

મેટાએ ફેસબુક પર પીએમ મોદીના વીડિયોને બ્લોક કરવા અંગે એક નિવેદન બહાર પાડ્યું છે. મેટાના પ્રવક્તાએ કહ્યું, "આ કન્ટેન્ટ ભૂલથી દૂર કરવામાં આવ્યું હતું અને હવે તેને પુનઃસ્થાપિત કરવામાં આવ્યું છે." સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે આ ઘટનાની નોંધ લીધી છે અને આ મામલાને ખૂબ જ ગંભીરતાથી લઈ રહી છે. સરકાર આ મામલાની તપાસ કરી રહી છે અને મેટા અધિકારીઓ પાસેથી જવાબો માંગ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૪ જુલાઈના રોજ મોડી રાત્રે દેશના વિદ્યાર્થીઓને સંબોધિત કરતો એક વીડિયો પોસ્ટ કર્યો હતો. પીએમ મોદીનો આ વીડિયો ઈન્સ્ટાગ્રામ પર ઝડપથી વાયરલ થયો હતો, જેણે ૨૪ કલાકમાં સૌથી વધુ વ્યૂઝનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. આ વીડિયોમાં પીએમ મોદીએ કહ્યું, "પેપર લીક કોઈ નાની વાત નથી. લાખો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે તે ખૂબ જ પીડાદાયક છે. પેપર લીક અંગે અનેક પગલાં લેવામાં આવ્યા છે. ગુનેગારો પકડાયા છે અને જેલમાં છે. અમારી સૌથી મહત્વપૂર્ણ જવાબદારી એ હતી કે વિદ્યાર્થીઓનું વર્ષ બગાડવામાં ન આવે. તાત્કાલિક પરીક્ષાઓ યોજવી જરૂરી હતી.

# સરકારી જમીન ફાળવણી ઝડપી બનાવવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો મહત્વનો નિર્ણય

### જિલ્લા કલેક્ટર અને ડીડીઓની સત્તામાં કરાયો મોટો વધારો, અરજદારોને ગાંધીનગરના ધક્કા ઓછા થશે

ગાંધીનગર,

રાજ્યમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વધુ વેગ આપવા અને વહીવટી પ્રક્રિયાને સરળ બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. સરકારી જમીનની ફાળવણીની પ્રક્રિયા ઝડપી બનાવવા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી (દ્ધદ્ધ)ની નાણાકીય સત્તામર્યાદામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. હવે અનેક પ્રકારની જમીન ફાળવણીના નિર્ણયો જિલ્લા કક્ષાએ જ લઈ શકાશે, જેના કારણે અરજદારો અને સંસ્થાઓને ગાંધીનગર સુધી વારંવાર આવવાની જરૂર નહી પડે.

સરકારના જણાવ્યા મુજબ, આ નિર્ણયથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ઔદ્યોગિક વિકાસ, જાહેર-સામાજિક હેતુઓ અને ગ્રામીણ વિકાસના પ્રોજેક્ટ્સને ઝડપી મંજૂરી મળી શકશે. સ્થાનિક કક્ષાએ જમીનનો રેકોર્ડ અને સ્થળની સ્થિતિ અંગેની માહિતી ઉપલબ્ધ હોવાથી નિર્ણય પ્રક્રિયા પણ ટૂંકી બનશે.

જિલ્લા કક્ષાએ જ ફોલોઅપ મળી રહેશે સરકારના આ નિર્ણયથી જમીન ફાળવણી સંબંધિત અનેક કામોનો નિકાલ હવે જિલ્લા કક્ષાએ જ થઈ શકશે. સ્થાનિક કક્ષાએ કલેક્ટર અને દ્ધદ્ધને નિર્ણય લેવાની વધુ સત્તા મળતા અરજદાર સંસ્થાઓ અને સંબંધિત વિભાગોને પણ જિલ્લા કક્ષાએથી જ સરળતાથી ફોલોઅપ મળી રહેશે.



સરકારના મતે, સરકારી પ્રોજેક્ટ્સ તેમજ ઔદ્યોગિક અને સામાજિક હેતુઓ માટે જમીન ફાળવણી ઝડપથી થતાં વિકાસ કાર્યો અને રોજગારીને વેગ મળશે. સાથે જ સરકારી જમીનની કબજાકિંમત અથવા પ્રીમિયમની રકમ પણ ઝડપથી સરકારી તિજોરીમાં જમા થઈ શકશે.રાજ્ય સરકારના બોર્ડ-કોર્પોરેશન અને ભારત સરકારના ખાતાઓને જમીન ફાળવણીના કિસ્સામાં કલેક્ટર દ્વારા ઈન્ટિમેશન જનરેટ કર્યા બાદ કબજા કિંમત અથવા પ્રીમિયમની રકમ ૯૦ દિવસમાં ભરપાઈ ન થાય તો જિલ્લા જમીન મૂલ્યાંકન સમિતિની ત્રણ વર્ષની અવધિ પૂર્ણ થાય ત્યાં સુધી મુદત વધારવાની સત્તા પણ કલેક્ટરને આપવામાં આવી છે. આ વ્યવસ્થાથી એક જ પ્રક્રિયાનું વારંવાર પુનરાવર્તન અટકશે અને વહીવટી સમયનો બચાવ થશે.

# ટ્રમ્પે તુર્કીને એફ-૩૫ ફાઇટર જેટના વેચાણ પર ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના વાંધાને ફગાવી દીધો

### ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું હતું કે અમેરિકા શું વેચશે તે નક્કી કરવા માટે અન્ય કોઈ નેતાએ ન હોવું જોઈએ

વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તુર્કીને એફ-૩૫ સ્ટીલ્થ ફાઈટર જેટ વેચવાના પ્રસ્તાવ પર ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના વાંધાને ફગાવી દીધો છે. ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું હતું કે અમેરિકા શું વેચશે તે નક્કી કરવા માટે અન્ય કોઈ નેતાએ ન હોવું જોઈએ. સોમવારે એરફોર્સ વનમાં મીડિયા સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું હતું કે, "કોઈ મને કહેશે નહીં કે આપણે શું વેચવું જોઈએ. તુર્કી મારા માટે એક અદ્ભુત સાથી રહ્યા છે." ટ્રમ્પનું આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સોમવારે ટ્રમ્પ સાથે એક મહત્વપૂર્ણ બેઠક માટે વોશિંગ્ટન પહોંચ્યા છે, જ્યાં પ્રાદેશિક સુરક્ષા અને ઈરાન સંબંધિત મુદ્દાઓ એજન્ડામાં ટોચ પર છે.

નેતન્યાહૂએ તુર્કીને યુએસ હ્લ-૩૫ ફાઈટર જેટ વેચવાના પ્રસ્તાવનો સખત વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તેમણે વ્યક્તિગત રીતે રાષ્ટ્રપતિ ટ્રમ્પને આ સોદાને મંજૂરી ન આપવા અપીલ કરી હતી. ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે તેઓ તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન લાદવામાં આવેલા પ્રતિબંધો હટાવવાનું વિચારી રહ્યા છે. નેતન્યાહૂએ કહ્યું,

"અમેરિકાના સૌથી અદ્યતન ફાઈટર જેટ તુર્કીને વેચવાથી તે અમેરિકાનો મિત્ર નહીં બને. તુર્કીનું વર્તમાન શાસન મુસ્લિમ બ્રધરહુડથી પ્રભાવિત છે, જે અમેરિકાને નફરત કરે છે. રેસેપ તૈયપ એર્દોગન અમેરિકા માટે આદર્શ સાથી નથી. તે મારા દેશ, વિશ્વના એકમાત્ર યહૂદી રાષ્ટ્રનો નાશ કરવાની ધમકી આપે છે."

નેતન્યાહૂએ ચેતવણી પણ આપી હતી કે તુર્કીને એફ-૩૫ પૂરા

## પીઓકેમાં પ્રદર્શનકારીઓ પર ક્રૂરતા: પાકિસ્તાની સેનાના ગોળીબારમાં ૧૯ લોકોના મોત થયાં

### વિરોધ કાફલો ચિનાર ચોક પહોંચ્યો હતો અને રાવલકોટના મકબુલ ભટ શહીદ ચોકમાં રાત રોકાતા પહેલા ડી-ચોક તરફ આગળ વધી રહ્યો હતો

રાવલકોટ,

રાવલકોટમાં પાકિસ્તાની સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યો. ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૯ લોકો માર્યા ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, ગોળીબારમાં લગભગ બે ડઝન અન્ય ઘાયલ થયા છે. જોઈન્ટ આવામી એક્શન કમિટીએ એક વીડિયો બહાર પાડ્યો છે.

વીડિયોમાં, જેએએસીએ જણાવ્યું હતું કે વિરોધ કાફલો ચિનાર ચોક પહોંચ્યો હતો અને રાવલકોટના મકબુલ ભટ શહીદ ચોકમાં રાત રોકાતા પહેલા ડી-ચોક તરફ આગળ વધી રહ્યો હતો.

વીડિયોમાં કહેવામાં આવ્યું હતું કે, "આજે, પાકિસ્તાની સુરક્ષા દળોએ અમારા નિર્દોષ યુવાનો પર ગોળીબાર કર્યો હતો. પરિણામે, અમારા ૧૯ યુવાનો શહીદ થયા છે. તેમાં ઉસ્માન નઝીર, જે ચળવળના સ્થાપક ઉમર નઝીર કાશ્મીરીના નાના ભાઈ છે. અન્ય શહીદોમાં ખૈગાલા, કોટલી શહેર, તટ્ટાપાની, બાંજા-બાસપુર, છોટા ગાલા અને હવેલીના એક-એક

## ૭૫ વર્ષના વડા પ્રધાન અને તેમની સ્વર્ગસ્થ માતા સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. આ કેવા પ્રકારના વિદ્યાર્થીઓ છે:કંગના

### ભાજપ સાંસદ કંગના રનૌતે પીએમ મોદી વિરુદ્ધની વાંધાજનક ટિપ્પણીઓની નિંદા કરી

નવીદિલ્હી,

નીટ પેપર લીક સામે દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન હવે સમાપ્ત થઈ ગયું છે. સરકારે વિરોધીઓની બધી માંગણીઓ સ્વીકારી લીધી છે, અને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને પણ રાજીનામું આપી દીધું છે. જો કે, આ વિરોધ પ્રદર્શન દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ કરવામાં આવેલી ટિપ્પણીઓ પણ ચર્ચામાં આવી હતી. આ મુદ્દો હવે સંસદના ચોમાસા સત્ર દરમિયાન ઉઠાવવામાં આવ્યો છે. ભાજપ સાંસદ કંગના રનૌતે પીએમ મોદી વિરુદ્ધની વાંધાજનક ટિપ્પણીઓની નિંદા કરી છે અને પ્રશ્ન કર્યો છે કે આ લોકો કેવા પ્રકારના વિદ્યાર્થીઓ છે.

ભાજપ સાંસદ કંગના રનૌતે કહ્યું, "આપણા ૭૫ વર્ષીય વડાપ્રધાનને નિશાન બનાવવામાં આવ્યા હતા અને તેમની સ્વર્ગસ્થ માતા સાથે અત્યંત અભદ્ર વર્તન કરવામાં આવ્યું હતું. અમે પણ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો છે. પરંતુ આ કેવા પ્રકારના વિદ્યાર્થીઓ છે, અને તેઓ કેવા પ્રકારની અભદ્ર ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે? તેઓ વિદ્યાર્થીઓ જેવા પણ કેવી રીતે દેખાય છે? જો ભવિષ્યમાં આ લોકોને સુપ્રીમ કોર્ટના વકીલો અથવા કાનૂની સલાહની જરૂર હોય, તો શું તેમના માતાપિતા તે પરવડી શકશે? તેમની પાસે તેના માટે પૈસા ચૂકવવાના કોઈ સાધન નથી. અમે સોળ વર્ષની ઉંમરે અમારી કારકિર્દી બનાવવાનું શરૂ કર્યું. અમે ક્યારેય અમારા માતાપિતા પર બોજ બનવા માંગતા ન હતા.

## જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય ફક્ત પીએમ મોદી અને શાહ જ લઈ શકે છે, ઓમર

### મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા ઘણા સમયથી રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માંગ કરી રહ્યા છે

જમ્મુ,

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પીએમ મોદી અને અમિત શાહનું નામ લઈને એક મોટું નિવેદન આપ્યું છે.મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય ફક્ત પીએમ નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ જ લઈ શકે છે. નોંધનીય છે કે મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા ઘણા સમયથી રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માંગ કરી રહ્યા છે.અનંતનાગ જિલ્લામાં મીડિયા સાથે વાત



કરતા, સીએમ અબ્દુલ્લાએ કહ્યું, "રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય ફક્ત બે જ લોકો લઈ શકે છે: વડા પ્રધાન અને ગૃહ પ્રધાન. તેથી જ અમે દિલ્હીમાં રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે વિરોધ કર્યો."

વિધાનસભામાં વિપક્ષના નેતા સુનિલ શર્માએ એક નિવેદનમાં કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં ન તો રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં આવશે કે ન તો કલમ ૩૭૦, જેના પર મુખ્યમંત્રીએ જવાબ આપ્યો.રાજ્યના સીએમ ઓમરે કહ્યું, "તેઓ (સુનીલ શર્મા) દરરોજ ૧૦ નિવેદનો આપે છે. મારી પાસે એટલો ખાલી સમય નથી. મને નથી લાગતું કે તેઓ (મોદી અને શાહ) આ મુદ્દાઓ પર તેમની સલાહ લેશે.

સૌરાષ્ટ્ર આજતક

# રાજકોટના વોર્ડ નં.૧૮માં નાગરિકના ઘરે જઇ નળનું પાણી ચેક કર્યુ

## કોઠારિયામાં નિર્માણાધીન મટિરિયલ રિકવરી ફેસિલિટીની કામગીરીની સમીક્ષા કરી

રાજકોટ,

રાજયમાં બે દિવસથી વરસાદનુ જોર હળવુ પડ્યુ છે અને રાજકોટ શહેરમાં મોટાભાગે વરાપ જેવુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. ત્યારે મહાનગરપાલિકાના મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા બે દિવસથી ફિલ્ડમાં એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. ગઈકાલે તેમણે રૈયાધાર અને ન્યારી વોટર ફિલ્ટ પ્લાન્ટ ખાતે પાણીના સેમ્પલની ચકાસણી કરી હતી અને આજે વોર્ડ નં.૧૮માં નાગરિકના ઘરે જઈને પાણીના સેમ્પલ લઈને ગુણવતાની ચકસાણી કરી હતી.




રાજકોટ મહાનગરપાલિકાના વોટર મેનેજમેન્ટ યુનિટ અંતર્ગત કાર્યરત ન્યારી ફિલ્ટર પ્લાન્ટ ખાતે ગઈકાલે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ મુલાકાત લઈને શહેરને વિતરણ કરવામાં આવતા પીવાના પાણીની ગુણવત્તા, શુદ્ધિકરણ પ્રક્રિયા તેમજ લેબોરેટરીમાં કરવામાં આવતી વિવિધ વૈજ્ઞાનિક ચકાસણીઓનું સ્થળ પર જઈ વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. અગાઉ સવારે મ્યુનિ.કમિશનરે રૈયાધાર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે પાણીના નમૂના ચકાસ્યા હતા.

મુલાકાત દરમિયાન કમિશનરએ ફિલ્ટર પ્લાન્ટમાં કાચા પાણીથી લઈને શુદ્ધ પાણીના વિતરણ સુધીની સમગ્ર પ્રક્રિયાની વિસ્તૃત સમીક્ષા કરી હતી. તેમણે અધિકારીઓ અને ટેકનિકલ સ્ટાફ પાસેથી પાણી શુદ્ધિકરણની દરેક પ્રક્રિયા અંગે વિગતવાર માહિતી મેળવી હતી અને ગુણવત્તાના ધોરણોનું કડક પાલન થાય તે માટે જરૂરી સૂચનાઓ પણ આપી હતી.

નિરીક્ષણ દરમિયાન ફિલ્ટર કરાયેલા પાણીમાં ક્લોરીનનું પ્રમાણ નિયત ધોરણ મુજબ જળવાઈ રહે છે કે નહીં તેની ચકાસણી ઓર્થો ટોલિડીન સોલ્યુશનની મદદથી કરવામાં આવી હતી. પીવાના પાણીમાં યોગ્ય પ્રમાણમાં ક્લોરીન જળવાઈ રહે તે જાહેર આરોગ્યની દૃષ્ટિએ અત્યંત જરૂરી હોવાથી આ પરીક્ષણની કામગીરીનું પણ કમિશનરએ નિરીક્ષણ કર્યું હતું.

આ ઉપરાંત શહેરમાં વિતરણ માટે મોકલવામાં આવતા પાણીના નમૂનાઓ (સેમ્પલ) લઈને લેબોરેટરીમાં ટરબીડીટી મીટરની મદદથી પાણીની ટરબીડીટી (મેલાશનું પ્રમાણ) માપવાની પ્રક્રિયા પણ ચકાસવામાં આવી હતી. પાણી સંપૂર્ણપણે સ્વચ્છ અને નિર્ધારિત ગુણવત્તા મુજબ છે તેની ખાતરી માટે કરવામાં આવતી આ મહત્વપૂર્ણ પ્રક્રિયાની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

રાજકોટ મહાપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોની વ્યાપક ફિલ્ડ વિઝિટ કરવામાં આવી હતી. આ ફિલ્ડ વિઝિટ દરમિયાન મ્યુનિસિપલ કમિશનરશ્રીએ વોર્ડ નં. ૧૮ના ન્યુ લાલબહાદુર નગર વિસ્તારમાં નાગરિકોના ઘરે જઈ પીવાના પાણીની ગુણવત્તાની ચકાસણી કરી હતી. ત્યારબાદ કોઠારિયા ટ્રાન્સફર સ્ટેશન ખાતે નિર્માણાધીન મટિરિયલ રિકવરી ફેસિલિટી (ખછ૭ઋ)ની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી તેમજ અંતે સાઉથ ઝોન ઓફિસના નિર્માણકાર્યની પ્રગતિનું સ્થળ પર જઈ નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીઓ અને અમલીકરણ એજન્સીને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી.

# કાલાવડના જશાપર ગામે ખેડૂતોના ખેતરોમાં વીજ કંપની દ્વારા વીજ પોલ નાખવા ખેડૂતોની વિશાળ રેલી

## મામલતદારને આવેદનપત્ર આપ્યુંઃ માંગણીઓ ન સ્વિકારાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

રાજકોટ,

કાલાવડ તાલુકાના જશાપર ગામે ખેડૂતોના ખેતરોમાં વીજ કંપની દ્વારા વીજ પોલ અને હાઈટેન્શન ટાવરો ઊભા કરવાના વિરોધમાં છેલ્લા સાત દિવસથી ચાલી રહેલી સત્યાગ્રહ છાવણીના સમાપન દિવસે ખેડૂતોનો આક્રોશ રસ્તા પર જોવા મળ્યો. જશાપર ગામેથી બહોળી સંખ્યામાં ખેડૂત ભાઈઓ અને બહેનોએ રેલી યોજી કાલાવડ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું.



રેલી દરમિયાન ખેડૂતો દ્વારા "અમારી માંગો પૂરી કરો", "યોગ્ય વળતર આપો", તેમજ "ખેડૂતોની મંજૂરી વિના ખેતરોમાં વીજ પોલ અને ટાવરો ઊભા કરશો તો ઉગ્ર આંદોલન થશે" જેવા સૂત્રોચ્ચારો સાથે વિરોધ નોંધાવવામાં આવ્યો. ખેડૂતોનું કહેવું છે કે તેમની જમીનમાં વીજ કંપની દ્વારા પોલ અને ટાવરો ઊભા કરવામાં આવે તે પહેલાં તેમને યોગ્ય અને સંપૂર્ણ વળતર તેમજ જમીનના ઉપયોગ બદલ પૂરતું ભાડું ચૂકવવું જોઈએ. જો સરકાર અને સંબંધિત વિભાગ દ્વારા તેમની માંગણીઓનો સ્વીકાર નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે તેવી ચીમકી પણ આપવામાં આવી.

આવેદનપત્રમાં ખેડૂતો દ્વારા કાલાવડ તાલુકામાં છેલ્લા ૧૨ વર્ષથી જમીન માપણીના પ્રશ્નો પણ યથાવત હોવાની રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રશ્નનો તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવવા સરકારને માંગ કરવામાં આવી. ખેડૂતોનું કહેવું છે કે જ્યાં સુધી યોગ્ય વળતર, પૂરતું ભાડું અને જમીન માપણી સહિતના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી તેમનો લડત અને આંદોલન યથાવત રહેશે.

# રાજકોટના કુવાડવા રોડ રૂડાનગરમાં પત્નીના માથામાં પતિએ કુહાડો ઝીંકી દીધો

## પૈસા ન દેતાં હુમલો કરી રોકડ, મોબાઇલ, ટુવ્હીલર લઇ ભાગી ગયાનો આક્ષેપ

રાજકોટ,

રાજકોટના કુવાડવા રોડ પર આવેલા રૂડાનગરમાં રહેતાં અલ્પાબેન અમિતભાઇ વાળા (ઉ.વ.૩૮) નામના મહિલાને તેના પતિ અમિત બાબુભાઇ વાળાએ ઝઘડો કરી માથામાં કુહાડાનો ઘા મારી દેતાં તેણી લોહીલુહાણ થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસપિટલમાં ખસેડવામાં આવી છે.

હુમલામાં ઘાયલ થયેલા અલ્પાબેનના કહેવા મુજબ તેને સંતાનમાં બે દિકરા છે. પોતે રૂડામાં નોનવેજ વેંચી ગુજરાન ચલાવ છે. પતિ અગાઉ બે વર્ષ પહેલા ઘર મુકી કોઇની સાથે ભાગી ગયો હતો.

બે મહિના પહેલા જ સમાધાન થતાં તે ફરીથી સાથે રહેવા આવ્યો છે. ગઇકાલે પતિએ વાપરવા માટે પૈસા માંગતા પૈસા આપવાની ના પાડતાં કુહાડાથી હુમલો કર્યો હતો અને બાદમાં ઘરમાંથી ૩૫ હજાર રોકડા તેમજ તેણીનો મોબાઇલ ફોન અને ટુવ્હીલર પર લઇને ભાગી ગયો હતો. બનાવની અંગે કુવાડવા રોડ પોલીસે તપાસ હાથ ધરી છે

# રાજકોટના ગુજસીટોકના આરોપીને હથિયાર આપનાર બોટાદનો શખ્સ ઝડપાયો

રાજકોટ,

રાજકોટના નાગેશ્વર વિસ્તારમાં ફાયરિંગ કરી પોલીસને પડકાર ફેંકનાર રામદેવ ડાંગરને હથિયાર પૂરું પાડનાર આજીવન કેદની સજાના પાકા કામના કેદી જસ્મીન કોઠારીને એસઓજીએ સાબરમતી જેલમાંથી કબ્જો મેળવ્યો હતો. એસઓજીએ ગેરકાયદે હથિયાર વેંપલાની આખી કડી મેળવવા બોટાદના સપ્લાયરના રિમાન્ડ મેળવવા તજવીજ આદરી છે. પ્રાપ્ત વિગત અનુસાર ગત મે મહિનામાં નાગેશ્વર વિસ્તારમાં ફાયરિંગની ઘટના બનવા પામી હતી.

જેમાં રામદેવ ડાંગરની હથિયાર સાથે ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં કુખ્યાત ભરત કુગશીયાનું નામ ખુલતા તેની પણ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે ભરત કુગશિયા પાસેથી વધારાનું એક હથિયાર પણ મળી આવ્યું હતું.



જે મામલે પોલીસે આર્મ્સ એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. બીજી બાજુ ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા અને એસીપી ભરત બસીયાના નેતૃત્વ હેઠળ ક્રાઈમ બ્રાન્ચે રામદેવ લક્ષ્મણ ડાંગર, કુલદીપસિંહ ઉર્ફે લાલો દશરથસિંહ જાડેજા, સતીશ મેરામ બાલાસરા, ભરત રઘુ કુગશિયા અને જનક મુળુ ડાંગર વિરુદ્ધ ગુજસીટોક એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી.

આર્મ્સ એક્ટ હેઠળ નોંધાયેલા ગુનાની તપાસ એસઓજીને સોંપવામાં આવી હતી. જે મામલે પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર રામદેવ ડાંગરની પૂછપરછ દરમિયાન તેને હથિયાર બોટાદના જસ્મીન કોઠારી નામના શખ્સે આપ્યાની કબૂલાત આપી હતી. જેથી એસઓજીએ જસ્મીન કોઠારીની કુંડળી તપાસતા તેને બોટાદમાં હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ફટકારવામાં આવ્યાનું સામે આવ્યું હતું.જે બાદ જસ્મીન પેરોલ મેળવી ભૂગર્ભમાં ઉતરી ગયાનું ધ્યાને આવ્યું હતું. દરમિયાન બોટાદ એલસીબીએ જસ્મીનને પકડી ફરી સાબરમતી જેલ હવાલે કરતા એસઓજી પીઆઈ એન.બી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.વી.ધ્રાંગુની ટીમે જસ્મીન ભરત કોઠારી (ઉવ ૪૫ રહે. બોટાદ) નો સાબરમતી જેલમાંથી કબ્જો મેળવી આગળની તપાસ અર્થે રિમાન્ડ મેળવવા તજવીજ આદરી હતી.

# રાજકોટના ભુપેન્દ્ર રોડ પર બિયરના જથ્થા સાથે સોની વેપારીની ધરપકડ

રાજકોટ,

રાજકોટના ભુપેન્દ્ર રોડ પરના જે.બી. જવેલર્સમાં એ.ડિવિઝન પોલીસે દરોડો પાડી બિયરનો જથ્થો પકડી પાડ્યો હતો અને સોની વેપારીની ધરપકડ કરી હતી. વેપારી બંગાળી કારીગર પાસેથી બિયર મેળવી નશો કરતાં હોવાની કબૂલાત આપી હતી.

દરોડાની વિગત મુજબ, એ.ડિવિઝન પોલીસ મથકના પીઆઈ જે.બી.વાઢીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ બોરીચા અને મહેશભાઈ ચાવડાને સાંજના સમયે બાતમી મળી હતી કે, ભુપેન્દ્ર રોડ ઉપર ભુપેન્દ્ર રોડ સ્વામીનારાયણ મંદીર સામે આવેલ દેવ દર્શન કોમ્પ્લેક્ષમાં જે.બી. જવેલર્સ નામની દુકાનમાં બીયરના ટીન છે, તેવી ચોક્કસ હકીકતને આધારે ટીમે જે. બી.જવેલર્સમાં દરોડો પાડ્યો હતો. પોલીસની ટીમે જે.બી.જવેલર્સ નામાની દુકનના કાઉન્ટર ઉપર એક વ્યકતી બેસેલ હોય જેનુ નામ પુછતા પોતાનુ નામ જીગ્નેશ ભાઇલાલ મચ્છર (ઉ.વ.૫૦, ધંધો વેપાર, રહે. નિલકંઠ સિનેમા પાછળ કોઠારીયા રોડ) હોવાનુ જણાવેલ હતું.

પોલીસે દુકાનમા તપાસ કરતા ખુણામા એક કાળા કલરનું ઝબલુ પડેલ હોય તેમા તપાસ કરતા વિદેશી બીયર ટીન નં.૧૩ મળી આવ્યાં હતા. જે બિયર પોલીસે કબ્જે કરી વેપારીની ધરપકડ કરી પુછતાછ કરતાં તેને બંગાળી કારીગર પાસેથી બિયર મેળવી પોતે નશો કરતાં હોવાનું સામે આવ્યું છે.

# એક જ રાતમાં ૪ મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા!

## નાના ભંડારીયામાં રૂા. ૨૫ હજારની ચોરી ૧૦, ૨૦ નવી નોટોના બંડલ ઉઠાવી ગયા

અમરેલીઃ

અમરેલી તાલુકાના નાના ભંડારીયા ગામમાં ચોરટોળકીએ એક જ રાતમાં ચાર મકાનોને નિશાન બનાવતા ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. અજાણ્યા ચોરોએ મકાનોના તાળા તોડી અંદર પ્રવેશ કરી ઘરવખરી વેરવિખેર કરી હતી, જ્યારે એક બંગલામાંથી રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

અમરેલીના નાના ભંડારીયા ગામે બાપા સીતારામ ચોક વિસ્તારમાં રહેતા અને ખેતી વ્યવસાય કરતા નરેશભાઈ લક્ષ્મણભાઈ ત્રાપસીયાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, તા. ૧૯ જુલાઈ,ના રાત્રે આશરે ૧૧ વાગ્યાથી તા. ૨૦ ના સવારે પોણા આઠ વાગ્યા દરમિયાન અજાણ્યા ચોરોએ સંજયભાઈ મનુભાઈ ત્રાપસીયા, રમેશભાઈ વિઠ્ઠલભાઈ ત્રાપસીયા અને મનસુખભાઈ રાણાભાઈ ભવાણીના મકાનોના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ચોરોએ ઘરમાં રાખેલો સામાન વેરવિખેર કરી દીધો હતો. પરંતુ આ શખ્સોને અહીં કાઈ પણ મળ્યું ન હતું.



ત્યારબાદ ચોરોએ ચતુરભાઈ મોહનભાઈ કાલસરીયા ઉર્ફે ''શેઠ''ના બંગલાનું પણ તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બંગલામાં રાખેલા રૂપિયા ૧૦ અને ૨૦ની નવી નોટોના બંડલો મળી કુલ અંદાજે રૂપિયા ૨૫,૦૦૦ની રોકડ લઈ અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા.બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ તેમજ અન્ય પુરાવાઓના આધારે શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# રાજકોટના રૈયાધારમાં શાકભાજીના ધંધાર્થીએ દારૂના નશામાં પોતાના હાથમાં બ્લેડના કાપા માર્યા

## દારૂના નશામાં પત્ની સાથે ઝઘડો કરી 'મારે મરી જવું છે' તેવું બોલી પોતાની જાતે હાથમાં બ્લેડ વડે કાપા પાડ્યા

રાજકોટ,

રાજકોટ શહેરમાં રૈયાધાર મફતીયાપરામાં રહેતા શાકભાજીના ધંધાર્થીએ દારૂના નશામાં પત્ની સાથે ઝઘડો કરી 'મારે મરી જવું છે' તેવું રટણ કરી પોતાની જાતે હાથમાં બ્લેડ વડે કાપા મારી દીધા હતાં. યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટના રૈયાધાર મફતીયાપરામાં રહેતાં કિશન રાજુભાઈ જમનપરીયા નામનો ૩૦ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે મધરાત્રે પોતાની જાતે હાથમાં બ્લેડ વડે કાપા મારી દીધા હતાં. યુવકને ઈજા પહોંચતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં કિશન જમનપરીયા બે ભાઈ ચાર બહેનમાં મોટો છે અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. કિશન જમનપરીયા શાકભાજી વેંચી પરિવારનું ગુજરાન ચલાવે છે.કિશન જમનપરીયાએ દારૂના નશામાં પત્ની સાથે ઝઘડો કરી 'મારે મરી જવું છે' તેમ કહી પોતાની જાતે હાથમાં બ્લેડ વડે કાપ મારી દીધા હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બીજા બનાવમાં પોપટપરા વિસ્તારમાં આવેલી મધ્યસ્થ જેલમાં સામત દેવાભાઈ ભાદરવાડા નામના ૫૫ વર્ષના પાકા કામના કેદીને સવારના સમયે છાતીમાં દુઃખાવો ઉપડયો હતો. જેથી જેલ તંત્ર દ્વારા તેને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલીમાં ૫ સિંહનો ભેંસો પર હુમલોઃ એક ભેંસનું મારણ, ટોળાએ પીછો કરતા સિંહો ભાગ્યા

અમરેલીઃ

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામ નજીક પાંચ સિંહોએ ભેંસોના ટોળા પર હુમલો કર્યો હતો. આ ઘટનામાં એક ભેંસનું મારણ થયું હતું. જોકે, ત્યાર બાદ ભેંસોના ટોળાએ સિંહોનો પીછો કરતા સિંહોને ત્યાંથી ભાગી જવાની ફરજ પડી હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે.અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા સતત વધી રહી છે અને તેઓ મોટાભાગે રેવન્યુ વિસ્તારમાં વસવાટ કરતા જોવા મળે છે. સિંહો દ્વારા મારણ અને માનવ વસાહત નજીક આવવાના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે.



ઈંગોરાળા ગામ નજીક સિમ વિસ્તારમાં બનેલી આ ઘટનામાં, પાંચ સિંહો શિકાર કરવા ભેંસોના ટોળા પાસે પહોંચ્યા હતા. સિંહોએ એક ભેંસનો શિકાર કર્યો હતો, પરંતુ ત્યાર બાદ ભેંસોના ટોળાએ એકજૂથ થઈને સિંહોનો પીછો કર્યો હતો. આ રોમાંચક દૃશ્યો કેમેરામાં કેદ થયા છે, જેમાં સિંહો ભેંસોના ટોળાથી બચવા માટે ભાગતા જોવા મળે છે.પશુઓમાં, સિંહો ભેંસથી સૌથી વધુ ડરતા હોય છે. તેનું કારણ એ છે કે ભેંસ કદમાં મોટી હોય છે અને તે સિંહથી ડરતી નથી. ભૂતકાળમાં પણ સિંહો અને ભેંસો વચ્ચે ઘર્ષણના અનેક કિસ્સાઓ બન્યા છે.સિંહો અને ભેંસોના ટોળા વચ્ચેના આ અનોખા અને રોમાંચક દૃશ્યોને લઈને સ્થાનિકોમાં પણ ભારે ચર્ચા જોવા મળી રહી છે, અને આ વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

# રાજકોટ પોલીસ હેડક્વાર્ટર ખાતે આધુનિક રાઈફલ શૂટિંગ રેન્જ ઉદ્ઘાટન કરાયું

## પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાના હસ્તે તાલીમ ખંડ ખૂલ્લો મુકાયોઃ ભવિષ્યમાં સામાન્ય નાગરિકોને પણ શૂટિંગ તાલીમનો લાભ મળશે

રાજકોટ,

જાહેર સંસ્થાઓને સહયોગ આપી સક્ષમ સમાજના નિર્માણના વિઝન સાથે પેલિકન રોટોફ્લેક્સ પ્રા. લિ. અને રાજકોટ સિટી પોલીસના સંયુક્ત ઉપક્રમે પોલીસ હેડક્વાર્ટર ખાતે અદ્યતન રાઈફલ શૂટિંગ રેન્જ તૈયાર કરવામાં આવી છે. જેનું વિધિવત ઉદ્ઘાટન રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાના હસ્તે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને કંપનીના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.



આ પ્રોજેક્ટનો પ્રારંભ પેલિકન રોટોફ્લેક્સના યુનિટ ડાયરેક્ટરો વાસુ શ્રીમાંકર, યશ શ્રીમાંકર તેમજ અહેસાસ ટ્રસ્ટના કૌશિકભાઈ સોલંકી, નિશ્ચલ સંઘવી અને પોલીસ અધિક્ષક રાકેશ દેસાઈ વચ્ચે યોજાયેલી બેઠકથી થયો હતો.પોલીસ જવાનોની નિશાનબાજીની કુશળતા અને ઓપરેશનલ સજ્જતા વધારવાના હેતુથી સ્પેશિયલ શૂટિંગ રેન્જનો વિચાર રજૂ કરાયો હતો. ત્યારબાદ પેલિકન રોટોફ્લેક્સના મેનેજિંગ ડિરેક્ટર ભરતભાઈ શ્રીમાંકર અને ડિરેક્ટર વિજયભાઈ શ્રીમાંકર દ્વારા આ પ્રોજેક્ટમાં સંપૂર્ણ સહયોગ આપવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

પોલીસ મુખ્યાલય ખાતે ફૂટબોલ ગ્રાઉન્ડ, જિમ્નેશિયમ અને નિર્માણાધીન બેડમિન્ટન કોર્ટની સાથે-સાથે આ આધુનિક શૂટિંગ રેન્જ તૈયાર કરાઈ છે. ખાસ ડિઝાઈન કરાયેલા શૂટિંગ ટેબલ, વાતાનુકૂલિત વેલકમ સેન્ટર અને આકર્ષક ઈન્ટિરીયર ડેકોરેશન, પોલીસ વિભાગના અનિલભાઈ તથા આર્કિટેક્ટ દિશિતભાઈની વિનંતીને ધ્યાને રાખીને ઉચ્ચ ગુણવત્તાના ધોરણો સાથે આ નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. તા. ૨૧ જુલાઈના રોજ આયોજિત સમારોહમાં પોલીસ કમિશનર શ્રી બ્રિજેશકુમાર ઝા અને પોલીસ અધિક્ષક શ્રી રાકેશ દેસાઈએ પેલિકન રોટોફ્લેક્સની સામાજિક પ્રતિબદ્ધતાને બિરદાવી હતી.

# રાજકોટના આજી, ન્યારી-૧માં સૌની યોજનાનું પાણી બંધ કરાયુ

## મેઘરાજાનાં વિરામ વચ્ચે ડેમોમાં ૪૦. ટકા અને લાલપરીમાં ૭૫થી ૮૦ ટકા જળજથ્થો

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી મેઘરાજાએ વિરામ લીધો છે.ત્યારે જિલ્લાનાં ૨૭ ડેમોમાં આજની સ્થિતિએ સરેરાશ ૪૦.૨૬ ટકા જળસંગહ છે.ત્યારે રાજકોટની જીવાદોરી સમાન આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં છેલ્લા કેટલાંક દિવસોથી જે સૌની યોજનાનું નર્મદાનિર ઠલવાતુ હતું. તે ફરી સિંચાઈ વિભાગે બંધ કરાવ્યું છે.



અત્રે ઉલ્લેખનિય છે કે રાજકોટને પીવાનું પાણી પુરૂ પાડતા આજી અને ન્યારી-૧માં હાલ સપાટી થોડી સંતોષજનક છે. આજીમાં ૫૪.૦૧ ટકા, અને ન્યારીમાં ૪૦-ટકા જેટલો જળસંગ્રહ છે.૨૯ ફૂટે છલકાતા આજી-૧ની સપાટી ૨૧.૧૦ ફૂટ અને ન્યારી-૧ની સપાટી ૧૫.૬૦ ફુટે પહોંચી છે. પરંતુ હવે આ બંન્ને જળાશયોમાં ફરી નર્મદાનિર ઠાલવવાનું બંધ કરાયું છે.

નોંધનિય બાબત એ છે કે ચોમાસાનાં બે મહિના પૂરા થવા આવ્યા છે. છતા રાજકોટ જિલ્લાનાં અમૂક ડેમોને જ બાદ કરતા પાણીનો સંગ્રહ પૂરતો નથી અને હજુ પાંચ ડેમો તો ખાલી છે. આજની સ્થિતિએ જિલ્લાનાં લાલપરીમાં સૌથી વધુ ૮૪.૫૩ ટકા તથા વેણુ-૨માં ૭૬.૪૩ ટકા અને આજી-૨માં ૭૩.૨૯ ટકા જળસંગ્રહ થયેલો છે.પરંતુ જિલ્લાનાં ગોંડલી, વેરી, છાપરવાડી-૧ કરમાળ અને કર્ણુકીમાં માત્ર ૦? થી ૬ ટકા જેટલુ જ પાણી બચ્યુ છે.અન્ય જિલ્લાની સ્થિતિ જોઈએ તો મોરબીનાં ૧૦ ડેમોમાં ૫૬.૨૯ ટકા જામનગરના ૨૧ ડેમોમાં માત્ર ૯.૬૪ ટકા તથા દ્વારકાનાં ૧૨ ડેમોમાં પણ માત્ર ૧.૧૫ ટકા તથા સુરેન્દ્રનગરનાં ૧૧-ડેમોમાં ૪૫.૯૮ ટકા પાણીનો સંગ્રહ છે.

# રાજકોટ મનપા ફૂડ શાખાએ ૮૦૦ કિલો વાસી-અખાદ્ય ખોરાકનો નાશ કર્યો : ૪ પેઢી સીલ

## ૫૩ પેઢી, રેસ્ટોરન્ટની તપાસમાં ૨૫ પેઢીને સ્ટોરેજ, લાઇસન્સ, હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ



રાજકોટ,
રાજકોટ મહાપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી અર્થે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કુલ મળી ૫૩ પેઢી, રેસ્ટોરન્ટ ની તપાસ કરી કુલ ૧૨૨૬ કી.ગ્રા. અખાદ્ય, વાસી જથ્થાનો નાશ કરી કુલ ૨૫ પેઢીને સ્ટોરેજ, લાઈસન્સ, હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપી કૂલ રૂ.૪૨,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવેલ તેમજ ૦૪ પેઢીને સીલ કરવામાં આવેલ હતી.

ફુડ વિભાગ દ્વારા કિશોરસિંહજી સ્કૂલ પાછળ મામા સાહેબના મંદિર સામે, કોઠારીયા નાકા, પેલેસ રોડ, રાજકોટ મુકામે આવેલ ઘોષ બંગાલ સ્વીટ્સ પેઢીને સીલ કરવામાં આવેલ. પેઢીની તપાસ કરતા વાસી કાચા સમોસા, અલગ અલગ પ્રકારની મીઠાઈઓ ફ્રિજમાં પડેલ પડતર દુર્ગંધ યુક્ત છેના અને મીઠાઈ , સમોસા માટેનો વાસી બાંધેલો લોટ, વાસી સડેલા બટેટા તથા શાકભાજી કુલ મળીને અંદાજિત ૧૪૬ કીલો અખાદ્ય જથ્થાનો નાશ કરી રૂ.૫૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરેલ તેમજ પેઢીને હાયજેનિક કન્ડિશન તથા યોગ્ય સ્ટોરેજ ન હોવા બાબતે નોટિસ આપેલ. નૂતન આદિવાસી ઈન્ડસ્ટ્રીયલ એરીયા, શેરી નંબર ૪, મવડી ગામ પાસે, રાજકોટ મુકામે આવેલ વિહાન નમકીન પેઢીને સીલ કરવામાં આવેલ. પેઢીની તપાસ કરતા જીવાત જોવા મળેલ તેમજ વાસી, ખુલ્લો અખાધ્ય -ફરસાણ તથા ફરસાણ માટેનો બાંધેલો લોટ વગેરે કુલ મળીને અંદાજિત ૨૧૫ કીલો અખાદ્ય જથ્થાનો નાશ કરી રૂ.૫૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરેલ તેમજ પેઢીને હાયજેનિક કન્ડિશન તથા યોગ્ય સ્ટોરેજ ન હોવા બાબતે નોટિસ આપેલ.

યુનિવર્સિટી રોડ, ભગતસિંહજી ગાર્ડન સામે, રાજકોટ મુકામે આવેલ નેશનલ ચાઈનીઝ પેઢીને સીલ કરવામાં આવેલ. પેઢીની તપાસ કરતાં ફ્રીજમાં, સ્ટોરેજમાં, પ્રિપરેશનમાં દરેક જગ્યાએ પુષ્કળ ગંદકી જોવા મળેલ. ગ્રેવી, નૂડલ્સ, બાફેલા શાકભાજી, રાંધેલ ખોરાક, વાસી, પડતર, અખાદ્ય જણાતા કુલ મળીને અંદાજિત ૩૩ કીલો અખાદ્ય જથ્થાનો નાશ કરી કરી રૂ.૫૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરેલ તેમજ પેઢીને હાયજેનિક કન્ડિશન તથા યોગ્ય સ્ટોરેજ ન હોવા બાબતે નોટિસ આપેલ. રોલેક્સ રોડ, પવિત્રા હાઈટ્સ, કોઠારીયા, રાજકોટ મુકામે આવેલ ઘનશ્યામ ચાઈનીઝ પંજાબી પેઢીને સીલ કરવામાં આવેલ. પેઢીની તપાસ કરતા સંગ્રહ કરેલ વાસી પ્રિપેર્ડ ફૂડ કુલ મળીને અંદાજિત ૧૬ કીલો અખાદ્ય જથ્થાનો નાશ કરી રૂ.૫૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરેલ તેમજ પેઢીને હાયજેનિક કન્ડિશન તથા યોગ્ય સ્ટોરેજ ન હોવા બાબતે નોટિસ આપેલ.

બિલ્ડીંગ, શોપ નં.-૧, કસ્તુરબા રોડ, શારદા બાગ પાસે, રાજકોટ મુકામે આવેલ (ઈન્સ્ટામાર્ટ) પેઢીની તપાસ કરતા પેઢીમાં ઓનલાઈન ઓર્ડર માટે સંગ્રહ કરેલ શાકભાજી, ફળ,વગેરે જેવી પેરિશેબલ ખાદ્યચીજો ના પેકિંગ પર યુઝ બાય ડેટ જોવા મળેલ નહીં તેમજ સ્થળ પર એક્સપાયરી ડેટ વીતેલ સિરિયલ પ્રોડક્ટ-આટા, પેક્ડ દૂધ, ટેટ્રાપેક, ઈંડા વગેરે નો સંગ્રહ કરેલ જોવા મળેલ તેમજ પેઢીના કોલ્ડ રૂમ અને ફ્રીઝ તપાસતા જીવાત, ગંદકી તેમજ દુર્ગંધ યુક્ત વાતાવરણમાં ખાદ્યચીજોનો સંગ્રહ કરેલ જોવા મળેલ. સદરહુ સ્થળ પરથી અનહાઈજેનિક રીતે સ્ટોરેજ કરેલ ઉપરોક્ત અખાદ્ય તેમજ એક્સપાયરી થયેલ અંદાજિત કુલ ૮૦૦ કીલો જથ્થાનો જઠખ વાહન દ્વારા સ્થળ પર નાશ કરી રૂ.૧૦,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરેલ તેમજ પેઢીને સેડ્યુલ -૪ મુજબ હાયજેનિક કન્ડિશન જાળવવા, સ્ટોરેજ પ્લેસની સફાઈ, પેસ્ટ કંટ્રોલ કરાવવા, પધ્ધતી મુજબ યોગ્ય સ્ટોરેજ વ્યવસ્થા જાળવવા, પેરિશેબલ ખાદ્યચીજ પર યુઝ બાય ડેટ દર્શાવવા બાબતે નોટિસ આપવામાં આવી હતી.

જયેશભાઈ ચંદુભાઈ વાડોરિયા રૈયાધાર રોડ, પેઢી માંથી ૫ કીલો વાસી ફરસાણ નો નાશ કરી ?૫૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરેલ. શ્રીનાથજી ફરસાણ, નારાયણભાઈ ભેળવાળા, ઋતુરંગ સ્ટોર, જલારામ ટ્રેડિંગ, સંજય જનરલ સ્ટોર્સ, ગોપી સેલ્સ એજન્સી, ઉમિયા સેલ્સ એજન્સી, શ્રી હરિ મિલ્ક ફળા, શ્રીનાથજી જનરલ સ્ટોર્સ, શ્રીનાથજી પ્રોવિઝન સ્ટોર્સ, રાજલક્ષ્મી ઓઈલ ડેપો, રામેશ્વર નાસ્તા ગૃહ, નેપાળી નાસ્તા ગૃહ, પટેલ ગાંઠીયા, શ્રીજી અમુલ પાર્લર, ગોકુલ નમકીન, મોમાઈ ગાંઠિયા જલેબી, જાનકી પ્રોવિઝન સ્ટોર, વિજય નાસ્તા ગૃહ, ખોડીયાર ટી સ્ટોલ, માં ફરસાણ, કેવલો પોતે પેઢીઓને લાયસન્સ બાબતે નોટીસ આપીને ૪૨૦૦૦ વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

ઉપરાંત્ત ઠાકરધણી રેસ્ટોરન્ટઃ રૈયાધાર રોડ, રિદ્ધિ સિદ્ધિ સેન્ડવીચઃ જે.કે. ચોક, યુનિવર્સિટી રોડ, નવદીપ ડેરી ફાર્મઃ ગોકુલધામ મેઈન રોડ, ઉમિયાજી ડેરી ફાર્મઃ ગોકુલધામ મેઈન રોડ, ડાયારામ ફરસાણઃ ગોકુલધામ મેઈન રોડ, ઉમા પાન ફળા; કોલ્ડડ્રિંક્સઃ ગોકુલધામ મેઈન રોડ, અક્ષર મેડિકલ સ્ટોરઃ ગોકુલધામ મેઈન રોડ, બાલાજી માર્કેટિંગઃ ગોકુલધામ મેઈન રોડ, આશાપુરા કોલ્ડડ્રિંક્સઃ ગોકુલધામ મેઈન રોડ, શ્યામ ડેરીફાર્મઃ ગોકુલધામ મેઈન રોડ, જલિયાણ પાઉંભાજીઃ નંદનવન મેઈન રોડ, જલિયાણ ભજીયાઃ નંદનવન મેઈન રોડ, ખોડલધામ ફાસ્ટફૂડઃ નંદનવન મેઈન રોડ, નકલંક હોટેલઃ નંદનવન મેઈન રોડ, દ્વારકેશ ચાઈનીઝ ફળા; પંજાબીઃ નંદનવન મેઈન રોડ, બાપા સીતારામ નાસ્તા ગૃહઃ નંદનવન મેઈન રોડ, શ્રીરામ ફરસાણઃ કંસારા બજાર કોઠારીયા નાકા, રાધેશ્યામ ડેરી ફાર્મઃ નંદનવન મેઈન રોડ, રાજુભાઈ પાણીપુરીઃ રામધણ મેઈન રોડ, મવડી, મીરા નમકીનઃ રામધણ મેઈન રોડ, મવડી બાયપાસ, અડારો રેસ્ટોરન્ટ એન્ડ કેટરિંગઃ રેલનગર મેઈન રોડ, શ્રીજી હોટલઃ મવડી, પાળ રોડ, ભારતવિજય ડેરીઃ લક્ષ્મીવાડી મેઈન રોડ, ભારત ફરસાણઃ લક્ષ્મીવાડી મેઈન રોડ, સત્યવિજય ફરસાણ એન્ડ સ્વીટઃ લક્ષ્મીવાડી મેઈન રોડ, રાજકોટ તપાસ કરવામાં આવી હતી.

## પોલીસ સમાચાર

### રાજકોટના રેલનગરમાં રિક્ષા ચાલક યુવાને ગૃહકલેશથી કંટાળી ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ

રાજકોટ,
રાજકોટના રેલનગરમાં રહેતા રિક્ષા ચાલક યુવાને ગૃહકલેશથી કંટાળી ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

જાણવા મળતી વિગત મુજબ રાજકોટના રેલનગરમાં આવેલી મહર્ષિ અરવિંદ ટાઉનશીપમાં રહેતા સિધ્ધાર્થ ઉકાભાઇ પરમાર (ઉ.વ.૩૬)નામના યુવાને આજે સવારે પોતાના ઘરે ફિનાઇલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્ર.નગર પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં સિધ્ધાર્થ બે ભાઇ ત્રણ બહેનમાં વચેટ અને રિક્ષા ચલાવી પરિવારનુ ગુજરાન ચલાવે છે. ગૃહકલેશથી કંટાળી આ પગલું ભરી લીધાનુ જાણવા મળ્યુ છે.

### રાજકોટની સોમનાથ સોસાયટીમાં વૃધ્ધાનો ગળાફાંસો ખાઇ આપઘાત કર્યો

રાજકોટ,
રાજકોટના દોઢસો ફુટ રીંગ રોડ રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાછળ સોમનાથ સોસાયટીમાં રહેતાં ૮૦ વર્ષના વૃધ્ધાએ ઘરના નવેળાની જાળીમાં દોરી બાંધી ટેબલ પર ચઢી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે.

જાણવા મળ્યો મુજબ રાજકોટ સોમનાથ સોસાયટી -૩માં રહેતાં રંજનબેન રસિકભાઇ વાળા (ઉ.વ.૮૦) નામના વૃધ્ધાએ ઘરમાં કોઇ નહોતું ત્યારે નવેળાની જાળીમાં દારી બાંધી ટેબલ પર ચઢી ગળાફાંસો ખાઇ લીધો હતો. થોડી જ વારમાં તેમના દિકરા બહારથી ઘરે પહોંચ્યાત ત્યારે માતાને લટકતા જોઇ તુરત જ નીચે ઉતારી બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં. તબિબે ટુંકી સારવાર બાદ તેમને મૃત જાહેર કરેલ હતાં

આપઘાત કરનારા રંજનબેનને સંતાનમાં ચાર દિકરી અને એક દિકરો છે. તેમને ડાયાબીટીશ, બ્લડપ્રેશરની બિમારી હતી. છએક મહિનાથી શ્વાસની અને ચક્કરની બિમારી પણ લાગુ પડી હતી. આનાથી કંટાળી જઇ પગલુ ભરી લીધાનું યુનિવર્સિટી પોલીસ પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું.

# રાજયના રેશનીંગનાં વેપારીઓ જૂન માસનાં કમિશનથી હજુ પણ વંચિત!

## વેપારી આલમમાં કચવાટ: બાકી કમિશન તાત્કાલિક ચૂકવવા સંગઠનની માંગ



અમરેલી:
રાજયના રેશનિંગના વેપારીઓને જે તે માસનું કમિશનના ચૂકવણામાં હજુ પણ ધાંધીયા હોવાનું બહાર આવેલ છે અને ગત જૂન માસનું ચૂકવણું પણ આજ સુધી પૂરતુ થયુ ન હોય વેપારીઓમાં કચવાટ ફેલાયો છે.

ઉલ્લેખનીય છે કે,સપ્ટેમ્બર માસમાં શરૂ થતા જન્માષ્ટમીના તહેવારો માટે રાજ્ય સરકાર દ્વારા એનએફએસએ રેશનકાર્ડ ધારકોને એક લીટર તેલ અને એક કિલો ખાંડ રેશનકાર્ડ દીઠ વધારાની રાહત દરે ઓગસ્ટ માસમાં આપવામાંઆવશે.સપ્ટેમ્બર માસની શરૂઆતમાં તહેવારો શરૂ થતા હોય તહેવારમાં રાહત દરે આ જન્સીઓ તહેવાર પહેલા જ ઓગસ્ટ મહિનામાં જ વિતરણ કરવાનું સરકારશ્રી દ્વારા ખુબજ હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો છે જે સરાહનીય છે.પરંતુ વાજબી ભાવ ના દુકાનદાર ભાઈઓ કે જે ખુબ ઓછા કમિશન ની કામ કરી રહ્યા છે અને હજુ જુન માસનુ કમીશન પણ પુરેપુરુ ચુકવવામાં આવ્યુ નથી ત્યારે રાજ્ય સરકાર ની કલ્યાણકારી યોજના અંતર્ગત રેગ્યુલર ખાંડ નમક તુવેરદાળ ચણા વગેરેના નાણા ભરવાના થતા હોય સાથે સાથે તહેવાર ની જન્સીઓના નાણા પણ ચૌક્કસ સમય મર્યાદામાં ભરવાના થતા હોય ત્યારે વ્યાજબી ભાવના દુકાનદારો ભયંકર આર્થિક તંગી અનુભવી રહ્યા છે.

ઘણા બધા દુકાનદાર ભાઈઓ ઉછીના અને વ્યાજે પણ પૈસા લઈ અને આ બધી જનસિઓના નાણાં ભરતા હોય છે ઘણા કિસ્સાઓમાં બહારથી નાણા લેવામાં વેપારી ભાઈ છેતરતા પણ હોય છે સરકાર શ્રી દ્વારા જેમ રેશનકાર્ડ ધારકોના હિતમાં જન્માષ્ટમી ના તહેવાર દરમિયાન આપવામાં આવતી જનસીઓ અગાઉથી મળી રહે એવો નિર્ણય લેવામાં આવ્યો છે એમ વ્યાજબી ભાવના દુકાનદારો ભાઈઓને પણ તેઓને અગાઉના મહિનાનું બાકી કમિશન મળી જાય અને ઓગસ્ટ માસના ચલણના ભરવાના થતા નાણામાં મુદતમાં વધારો કરવામાં આવે તો વેપારી ભાઈઓને થોડા ઘણા અંશે આર્થિક સંકળામણ અડવી થઈ શકે એમ છે માનવીય અને સંવેદનશીલ મુદ્દાને ધ્યાનમાં લઇ પુરવઠા નિગમ દ્વારા વેપારી ભાઈઓને નાણા ચુકવણી અને કમિશન બાબતે સરળતા કરી દેવામાં આવે એવી વેપારી તરફથી તંત્રને અનુરોધ કર્યો છે.

# સાવરકુંડલાના ૨૫ વર્ષીય મનિષ સોંદરવાનું બીમારી સબબ મોત

## મગજની નસ દબાતા રાજકોટ ખાતે ઓપરેશન કરાયું હતું, જ્યાં સારવાર દરમ્યાન દમ તોડી દીધો



અમરેલી:
સાવરકુંડલાના ૨૫ વર્ષીય મનિષ સોંદરવાનું બીમારી સબબ મોત નીપજ્યું હતું. મગજની નસ દબાતા રાજકોટ ખાતે ઓપરેશન કરાયું હતું, જ્યાં સારવાર દરમ્યાન દમ તોડી દીધો હતો. મળતી માહિતી અનુસાર, મનિષ નથુભાઈ સોંદરવા (ઉંમર વર્ષ ૩૫, રહે.આસોપાલવ સોસાયટી, હાથસણી રોડ, સાવરકુંડલા, જિ. અમરેલી) ગઈ તા. ૨૦ જુલાઈના રોજ બીમારી સબબ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ થયા હતા.

મગજની નસ દબાતી હોવાનું નિદાન થતા તા.૨૩ જુલાઈએ સ્પાઈન ઓપરેશન કરાયું હતું. તા. ૨૬ જુલાઈએ અચાનક તબિયત બગડતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયેલ. અહી સારવાર દરમ્યાન દમ તોડી દીધો હતો. પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો. પુછપરછમાં જાણવા મળેલ કે, મૃતક મનિષ ૨ ભાઈ અને ૩ બહેન નાનો હતો. તેને સંતાનમાં ૨ દીકરા છે. તેના પિતા નથુભાઈ હયાત નથી. મનિષ હીરા ઘસી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

# સૌરાષ્ટ્રનાં ૩૪ ડેમોમાં નવા નીર: ભાવનગરનો શેત્રુંજી ડેમ ઓવરફ્લો



અમરેલી:
ગુજરાત-સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદથી પાક-પાણીનું ચિત્ર પલટાયું છે. સૌરાષ્ટ્રના રાજકોટ સહિત અનેક જિલ્લાઓના જળાશયોમાં નવા નીરની આવક થઇ રહી છે. ભાવનગર જિલ્લાનો શેત્રુજી ડેમ ફરી ઓવરફ્લો થયો છે. મોરબી-માળીયાની જીવાદોરી મચ્છુ-૨, મચ્છુ-૩, ઘોડાધ્રોઇ ડેમ પણ છલકાતા જિલ્લામાં જળ સંકટ હળવું થયું છે. સૌરાષ્ટ્રમાં પડેલા વ્યાપક વરસાદના પગલે ૩૪ જળાશયોમાં નવા નીરની આવક થઇ છે. મળતી વિગત મુજબ રાજકોટ જિલ્લાના ૨૭ પૈકી ૧૫, મોરબી ૧૦ પૈકી ૭, જામનગર ૨૧ પૈકી-૪, સુરેન્દ્રનગર ૧૧ પૈકી ૭ ડેમમાં નવા નીરની આવક સાથે ભાવનગર જિલ્લાનો શેત્રુજી ડેમ ફરી ઓવરફ્લો થતાં તમામ દરવાજા ખોલવામાં આવ્યા હતા.

મોરબી તાલુકામાં જોધપર ગામ પાસે આવેલ મચ્છુ-૨ ડેમમાં ઓવરફ્લો થતાં ડેમના ૪ દરવાજા ૭ ફૂટ સુધી ખોલી નાખવામાં આવ્યા હતા. ડેમ હેઠવાસના ૨૯ ગામોને સાવચેત રહેવા એલર્ટ કરાયા હતા.મોરબીના જુના સાદુળકા ગામ પાસે આવેલ મચ્છુ-૩ ડેમ પણ છલકાતા ડેમના ૨ દરવાજા ૧-૧ ફૂટ ખોલવામાં આવ્યા હતા. ૨૧ ગામોને એલર્ટ કરાયા હતા.આ ઉપરાંત મોરબી ૧૦ ડેમ પૈકી અગાઉ બ્રાહ્મણી-૨ ડેમ છલકાયો હતો. મોરબીના જિકિયારી ગામ પાસે આવેલ ઘોડાધ્રોઇ ડેમ ઓવરફ્લો થતાં ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હતા. સૌરાષ્ટ્રના અનેક નાના મોટા તળાવો, ચેકડેમો છલકાતા ધરતીપુત્રોમાં આનંદ છવાયો છે.

# ગોંડલ પંથકમાં ચોરીને અંજામ આપી ભુગર્ભમાં ઉતરી ગયેલ સીકલીગર ગેંગનો સાગરીત ઝડપાયો

## ચોરીના ગુનામાં દોઢ વર્ષથી નાસતા ફરતા મહેદાબાદના શખ્સને રીબડા ચોકડી પાસેથી રૂરલ એલસીબીની ટીમે ઝડપી લીધો



રાજકોટ:
ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં દોઢ વર્ષથી નાસતા ફરતા ખેડાના મહેમદાબાદના સીકલીગર ગેંગના સાગરીતને રૂરલ એલસીબીની ટીમે રીબડા ચોકડી પાસેથી ઝડપી લઇ જરૂરી કાર્યવાહી કરી હતી.પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ગંભીર પ્રકારના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટેની આપેલ સૂચનાથી રૂરલ એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરી હેઠળ ટીમ તપાસમાં હતી. દરમિયાન એવી બાતમી મળી હતી કે, ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં ફરાર આરોપી હાલ ગોંડલ પાસેના વિસ્તારમાં આંટાફેરા કરે છે. આ બાતમીના આધારે પોલીસની ટીમને વોચ ગોઠવી હતી.

દરમિયાન ગોંડલ તાલુકાના રીબડા ચોકડી પાસેથી ફરાર આરોપી કતારસિંહ ઈશ્વરસિંગ ટાંક (સીકલીગર) (રહે. મહેમદાબાદ જી. ખેડા) ને ઝડપી લઇ ગોંડલ તાલુકા પોલીસના હવાલે કર્યો હતો. આરોપી સામે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો નોંધાયા બાદ તે છેલ્લા દોઢ વર્ષથી તે નાસતો ફરતો હતો.આરોપીને ઝડપી લેવાની આ કામગીરીમાં એલસીબી પીઆઇ જે.પી.રાવની રાહબરી હેઠળ પીએસઆઇ એચ.સી. ગોહિલ, કે.એમ. ચાવડા, આર.વી.ભીમાણી, પી.એન. ભરવાડ, એએસઆઇ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, સહિતનો સ્ટાફ સાથે રહ્યા હતા.

# રાજકોટના સદગુરૂ પાર્કમાં છાત્રાનો ગળેફાંસો ખાઇ આપઘાત

રાજકોટ,
રાજકોટ શહેરમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા સદગુરૂ પાર્કમાં રહેતી અને ધો.૧૧માં અભ્યાસ કરતી છાત્રાએ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવતીના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા સદ્ગુરૂ પાર્કમાં રહેતી મિતાલીબા પૃથ્વીરાજસિંહ જાડેજા નામની ૧૮ વર્ષની યુવતી પોતાના ઘરે હતી ત્યારે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવતીના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.ઘટના અંગે જાણ થતાં યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક દોડી ગયો હતો અને પોલીસે યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પુછપરછમાં મૃતક યુવતીના પિતા વર્ષોથી અલગ રહે છે અને મૃતક યુવતી બે બહેનમાં નાની હતી અને ધો.૧૧માં અભ્યાસ કરતી હતી. સ્કૂલેથી આવ્યા બાદ મિતાલીબા જાડેજાએ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો અને બહારથી ઘરે આવેલી માતાએ યુવતીનો મૃતદેહ લટકતો જોયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી યુવતીના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસ આગળ ધપાવી છે.

**નામ બદલાવેલ છે**

મારૂ નામ **પરસાણા વસંતબેન પરેશકુમાર** હતુ જે બદલીને **પરસાણા વસંતબેન પરેશભાઈ** કરેલ છે. હવેથી હું મારા નવા નામ **પરસાણા વસંતબેન પરેશભાઈ** તરીકે ઓળખાઇશ.

**સહી : પરસાણા વસંતબેન પરેશભાઈ**
સરનામું : પાર્ક એવન્યુ એ-૨, ફ્લેટ નં.૧૪૦૨, નાના મવા મેઈન રોડ, એકોડ સામે, સંકેત પાર્ક પાસે, રાજકોટ - ૩૬૦૦૦૫

# રાજકોટમાં ગંભીર ગુનામાં સંડોવાયેલા હિસ્ટ્રીશીટર શખ્સને પાસામાં ધકેલાયો: જેલ હવાલે



રાજકોટ,
રાજકોટમાં અગાઉ મારામારી, ખૂની હુમલા સહિતના ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા કુખ્યાત પ્રિતેશ ઉર્ફે દીકુડા સામે પોલીસ કમિશનરે પાસાનું વોરંટ ઇશ્યુ કર્યું હતું. ભક્તિનગર પોલીસે વોરંટની બજવણી કરી આરોપીને ભુજ જેલ હવાલે કર્યો છે.

રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લી.ના જનરલ મેનેજર વી.એમ. સખીયાના જણાવ્યા મુજબ ગુજરાત સરકારના પૂર્વ કેબીનેટ મંત્રી અને હ્વ બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયા, વાઈસ ચેરમેન મગનભાઈ વડાવીયા, મેનેજીંગ ડિરેકટર ઘનશ્યામભાઈ ખાટરીયા તથા બોર્ડ ઓફ ડિરેકટર્સના કુશળ વહીવટથી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંક રાષ્ટ્રીય સ્તરે ઉભરી આવેલ છે.

નાબાર્ડે આ બેંકને પાયોનીયર બેંક તરીકે બિરદાવતા બેંકના મોડેલ વહીવટથી પ્રભાવિત થઈ દેશની તમામ સહકારી બેંકના સંચાલકોની રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપ. બેંકની એકસપોઝર વિઝીટ ગોઠવી આ બેંકની થાપણ, ધિરાણ, વસુલાત તથા ખેડૂતો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અભ્યાસ કરી અન્ય બેંકો પણ તેનું અનુકરણ કરી ગ્રામ્ય વિસ્તારના લોકો તથા ખેડૂતોના વિકાસ લક્ષી પ્રવૃતિ કરે તેવા નાબાર્ડના અભિગમના ભાગ રૂપે ઓડીસા રાજયની કેઓન્ઝર સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી. ના ચેરમેન કાનન બિહારી પાહીની આગેવાની હેઠળ બોર્ડ ઓફ ડિરેકટર્સના સભ્યોની ટીમએ રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંક ની તા.૨૪ના સેજ મુલાકાત લઈ બેંકની વિવિધ પ્રવૃતિઓનો અભ્યાસ કરેલ અને બેંકના જનરલ મેનેજર - સી.ઈ.ઓ.વી. એમ. સખીયાએ બેંકની વિવિધ કામગીરીની જાણકારી આપેલ.ઓડીસા રાજયની કેઓન્ઝર સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી.ની ટીમએ બેંકની વ્યવસ્થા જોઈ પ્રભાવિત થયેલ અને ચેરમેન જયેશભાઈ રાદડિયા, બોર્ડ ઓફ ડિરેકટર્સ તથા બેંકના મેનેજમેન્ટને ધન્યવાદ આપેલ.

# રાજકોટ જયુબેલી ચોક પાસે મહાદેવ પેન ડેપોમાંથી રોકડની ચોરી કરનાર બે સગીર પકડાયા

રાજકોટ,

રાજકોટ જયુબેલી ચોક પાસે આવેલી મહાદેવ પેન ડેપો નામની સ્ટેશનરીની દુકાનમાં તસ્કરો ત્રાટકયા હતાં. દીવાલમાં બાકોરૂ પાડી તિજોરીમાં રાખેલ અલગ અલગ ચલણી સિક્કાઓ અને અન્ય રોકડ રકમ સહિત રૂ.૨૫ હજારની મતા ચોરી જનાર બે સગીરોને એ ડિવિઝન પોલીસે ઝડપી લઇ ચોરીનો રકમ કબજે કરવા તજવીજ હાથ ધરી છે.

બનાવની વિગતો મુજબ, જામનગર રોડ પર ભોમેશ્વર પ્લોટ શેરી નંબર ૮૮ ના ખૂણે રહેતા પ્રદીપભાઈ અમરશીભાઈ પરમાર (ઉ.વ.૪૯) એ નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમને જયુબેલી ચોક પાસે ગોપાલ બ્રધર્સની સામે મહાદેવ પેન ડેપો નામની સ્ટેશનરીની દુકાન આવેલી છે.

ગઈ તા. ૨૧ ના રાત્રીન વેપારી દુકાન બંધ કરી ઘરે ગયા હતા. બાદમાં બીજા દિવસે તા.૨૨ ના વહેલી સવારે આઠેક વાગ્યે દુકાને આવી શટર ખોલી જોતા દુકાનની અંદર ઈંટો પડી હતી અને દુકાનમાં રાખેલ તિજોરી તૂટેલી હાલતમાં જોવા મળી હતી. બાજુની દીવાલ તોડી દીવાલમાં બાકોરૂ પાડેલું હતું. દુકાનની અંદર વસ્તુઓ વેરવિખેર હાલતમાં પડી હતી. તિજોરીમાં પ્લાસ્ટિકની થેલીમાં રાખેલ રૂપિયા એક, બે, પાંચના સિક્કા રૂ. ૧૫,૦૦૦ અને રોકડ રૂ. ૧૦,૦૦૦ જોવા મળ્યા ન હતા. બાદમાં સીસીટીવી ફૂટેજ ચેક કરતા દુકાનની ડાબી બાજુની દીવાલ તોડી બાકોરૂ પાડી બે અજાણ્યા શખસો અહીં આવ્યા હોવાનું નજરે પડ્યું હતું. જેથી આ અંગે વેપારીએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝનના પીઆઇ જે.વી.વાઢીયાની રાહબરીમાં ટીમે તપાસ હાથ ધરી સીસીટીવી ફૂટેજના આધારે ચોરીના આ ગુનામાં બે બાળ આરોપીઓને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાજકોટના ત્રિકોણબાગ પાસેથી ઓટો રીક્ષા ચોરનાર રીઢો તસ્કર ઝડપાયો

રાજકોટ.

રાજકોટના ત્રિકોણ બાગ પાસેથી ઓટો રીક્ષા ચોરનાર રીઢા તસ્કર મહેન્દ્ર ઉર્ફે કાનાને ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીને પથિકાશ્રમ પાસેથી દબોચી રીક્ષા કબ્જે કરી હતી. દારૂના નશામાં રેઢી પડેલ રીક્ષા ચોરી બીજા દિવસે ભાડા મારવા લાગ્યો હોવાની આરોપીએ કબૂલાત આપી હતી.




શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ બી.બી.બસીયા દ્વારા શહેર વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે અન-ડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવાની આપેલ સુચનાથી પીએસઆઇ વી.ડી.ડોડીયા અને ટીમ પેટ્રોલીંગમા હતા.

દરમ્યાન હેડ કોન્સ્ટેબલ જયરાજભાઈ કોટીલા, ધારાભાઈ વાનરીયા તથા રાહુલભાઈ ગોહેલને મળેલ હકીકત આધારે ગઈ તા.૨૫ ના ત્રિકોણ બાગ પાસે સુલભ શૌચાલય પાસેથી ચોરી થયેલ ઓટો રીક્ષા સાથે મહેન્દ્ર ઉર્ફે કાનો મનસુખ મકવાણા (ઉ.વ.૩૧, રહે- મોટાવડા ગામ, લોધીકા) ને જામનગર રોડ, પથીકાશ્રમ સામે, જાહેર રોડ ખાતેથી પકડી પાડી ચોરાઉ ઓટો રીક્ષા કબ્જે કરી હતી. પકડાયેલ શખ્સ વિરુદ્ધ અગાઉ પણ ચોરીના ગુના નોંધાયેલ છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સ દારૂના નશામાં ધૂત થયો હતો અને રીક્ષા રેઢી જોઈ જતાં ચોરીને નાસી છૂટ્યો હતો. જે બાદ તે પોતે રિક્ષાના ભાડા પણ કરવાં લાગ્યો હતો.

# રાજકોટમાં સરગમ કલબ દ્વારા દિવ્યાંગો માટે નિઃશુલ્ક જયપુર ફૂટ કેમ્પ યોજાશે

રાજકોટ,

રાજકોટમાં સરગમ કલબ, ઈન્ટરનેશનલ સિદ્ધાશ્રમ શક્તિ સેન્ટર (લંડન)ના પૂજય રાજરાજેશ્વરગુરુજી તેમજ કમાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે રાજકોટ ખાતે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ આગામી તા. ૧ ઓગસ્ટ ૨૦૨૬ થી ૩ ઓગસ્ટ ૨૦૨૬ સુધી યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા. ૦૧/૦૮/૨૦૨૬ શનિવારના રોજ સવારે ૮:૦૦ કલાકે ખાસ સરગમ ભવન, જામ ટાવર રોડ, નવી કલેક્ટર કચેરીની બાજુમાં, રાજકોટ (ફોન નં. ૦૨૮૧-૨૪૫૭૧૬૮) ખાતે રૂબરૂ રહેવું. આ ખાસ કેમ્પમાં જરૂરતમંદ દિવ્યાંગોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડી આપવામાં આવશે. આ ઉપરાંત જે દિવ્યાંગો અગાઉ અહીંથી સાધનો લઈ ગયા હોય અને તેમને રિપેરિંગ કરાવવાનું હોય, તેઓએ પણ તા. ૧/૦૮ ના રોજ સવારે ૮ વાગ્યે ખાસ ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# જિલ્લામાં વરસાદના ૨ સારા રાઉન્ડથી ગત સાલ કરતા ઓણસાલ ૧૮ ટકા વધુ વરસાદ

અમરેલી:

હવામાન વિભાગ દ્વારા ઓણસાલ ચોમાસું પ્રમાણમાં નબળું રહેવાની આગાહી કરાય હતી. પરંતુ અમરેલી જિલ્લામાં કમસેકમ અત્યાર સુધીમાં ચોમાસાંનું ચિત્ર ખુબજ સારૂ છે. કારણ કે ગત વર્ષે ૨૬ જુલાઈની સરખામણીમાં આ વર્ષે ૨૬ જુલાઈ સુધીમાં ૧૮ ટકા વધુ વરસાદ પડ્યો છે. જો કે વધુ વરસાદથી જિલ્લામાં કેટલાક વિસ્તારમાં પાકને થોડુ ઘણું નુકશાન થયું છે.



અમરેલી જિલ્લામાં ચાલુ ચોમાસાંમાં અત્યાર સુધીમાં વરસાદના બે સારા રાઉન્ડ આવ્યા છે. જેના કારણે મોલાતનું ચિત્ર પણ ઉજળું છે. વળી વરસાદના આ રાઉન્ડ સમયસર આવ્યા છે. આ સિવાય છૂટો છવાયો વરસાદ પણ વરસતો રહ્યો હતો.

જેના કારણે અત્યાર સુધીમાં અમરેલી જિલ્લામાં સરેરાશ વરસાદની સરખામણીમાં ૬૨.૪૦ ટકા વરસાદ વરસી ગયો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૪૩૪ મીમી એટલે કે ૧૭.૫ ઈંચ વરસાદ થયો છે.

ગયા વર્ષે આ જ સમયગાળામાં સરેરાશ વરસાદની સરખામણીમાં ૪૪.૩૧ ટકા વરસાદ થયો હતો. તે વખતે સરેરાશ ૩૦૩ મીમી એટલે કે ૧૨ ઈંચ વરસાદ થયો હતો. જો કે ત્યારબાદ વરસાદના જોરદાર રાઉન્ડથી વર્ષ સારૂ રહ્યું હતું.આ વર્ષે પણ ખેડૂતો આવી જ આશા રાખી રહ્યા છે. હાલમાં ખેતી ક્ષેત્રે વરાપની જરૂર છે અને ત્યારબાદ વરસાદના બે સારા રાઉન્ડ આવી જાય તો પાકનું ચિત્ર ઉજળું રહેશે. ઓણસાલ જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ રાજુલા તાલુકામાં ૨૬ ઈંચ પડ્યો છે. આ ઉપરાંત સાવરકુંડલા તાલુકામાં ૨૦ ઈંચ વરસાદ થયો છે.

ચાલુ ચોમાસામાં સૌથી ઓછો વરસાદ બાબરા તાલુકામાં ૨૮૮ મીમી એટલે કે ૧૧.૫ ઈંચ નોંધાયો છે. અહીં સરેરાશ વરસાદની સરખામણીમાં કુલ ૪૦.૯૭ ટકા વરસાદ થયો છે.

# નયારા એનર્જી દ્વારા યાત્રાધામ દ્વારકાના છ પ્રતિષ્ઠિત સ્થળોએ સ્વચ્છતા પહેલનો પ્રારંભ

## દેશની જાણીતી સંસ્થાઓને સાથે લઇ દર્શનાર્થી-પર્યટકો માટે સ્વચ્છ વાતાવરણ નિર્મિત કરવાનો સંકલ્પ :સ્થાનિક તેમજ રાજ્યકક્ષાના સરકારી તંત્રોને કચરા વ્યવસ્થાપન અંગે જરૂરી સહયોગ આપવા આયોજન



જામનગર,

આંતરરાષ્ટ્રીય કક્ષાની એકીકૃત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની નયારાએનર્જીએ ભારત સરકારની સ્વચ્છ પ્રતિષ્ઠિત સ્થળો (સ્વચ્છ આઈકોનિક પ્લેસીસ) પહેલને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે યાત્રાધામ દ્વારકાના છ પ્રતિષ્ઠિત સ્થળોએ સ્વચ્છતા પહેલનો પ્રારંભ કર્યો છે.

આ પહેલનો ઉદ્દેશ કચરા વ્યવસ્થાપન પ્રણાલીઓને મજબૂત બનાવવાનો, સ્વચ્છતામાં સુધારો લાવવાનો અને મુલાકાતીઓ માટે વધુ સ્વચ્છ તથા ટકાઉ વાતાવરણનું નિર્માણ કરવાનો છે. જે અંગે દ્વારકામાં એક વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં પહેલ સાથે જોડાનારી સરકારી કચેરીના અધિકારીઓ તેમજ નયારા એનેર્જી દ્વારા નક્કી કરાયેલી દેશની જાણીતી સંસ્થાઓના અધિકારીઓ જોડાયા હતા.

આ પહેલ હેઠળ દ્વારકાના છ મહત્વપૂર્ણ વારસાગત અને યાત્રાધામ સ્થળો ખાતે ઘન કચરા વ્યવસ્થાપન તથા પ્રવાહી કચરા વ્યવસ્થાપન અને સ્વચ્છતા સંબંધિત કાર્યો હાથ ધરવામાં આવશે. આ છ સ્થળોમાં શ્રી દ્વારકાધીશ મંદિર પરિસર, શ્રી રુક્મિણી મંદિર પરિસર, શ્રી નાગેશ્વર મંદિર પરિસર, શ્રી ભડકેશ્વર મંદિર પરિસર, શિવરાજપુર બીચ પ્રવેશ વિસ્તાર અને શ્રી બેટ દ્વારકા મંદિર પરિસરનો સમાવેશ થાય છે.

સ્વચ્છ આઈકોનિક પ્લેસીસ (એસઆઈપી)એ ર્ૃ;સ્વચ્છ ભારત મિશન ગ્રામીણર્ૃ; હેઠળ કેન્દ્ર સરકારની એક પહેલ છે જેનો હેતુ સમગ્ર ભારતમાં ૧૦૦

ઐતિહાસિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જગ્યાઓને વિશ્વ કક્ષાના ર્ૃ;સ્વચ્છ પ્રવાસન સ્થળોર્ૃ;માં પરિવર્તિત કરવાનો છે. મલ્ટિ-સ્ટેકહોલ્ડર પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય આ સ્થળો પર અને તેની આસપાસ સ્વચ્છતા અને સ્વચ્છતાના ધોરણોને સુધારીને સ્થાનિક અને વિદેશી મુલાકાતીઓના અનુભવને વધારવાનો છે.વર્કશોપમાં દેશની જાણીતી સંસ્થાઓ ઈન્ડિયા સેનિટેશન કોએલિશન, સીડીડી ઈન્ડિયા અને સહજ ઝીરો વેસ્ટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડના ઉચ્ચ અધિકારીગણ તેમજ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શ્રી હિમાંશુ ચૌહાણ, મામલતદાર શ્રી એ.ડી. ભેડા, દ્વારકા નગરપાલિકા મુખ્ય અધિકારી શ્રી અશ્વિન ગઢવી તેમજ અલગ અલગ સરકારી વિભાગના અધિકારીઓ, વેપારી સંગઠનના આગેવાનો જોડાયા હતા.

# પલસાણા એક્સપ્રેસ-વે પર સાવરકુંડલા ટાઉન પોલીસની બોલેરોનો અકસ્માત

## લોખંડની રેલિંગ સાથે ગાડી ટકરાતા બોનેટના કુરચેકુરચા, ટાયર છૂટું પડ્યું, ૪ પોલીસકર્મી ગંભીર




અમરેલી:

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના એના ગામ પાસેથી પસાર થતા મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ વે પર સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની સરકારી બોલેરો ગાડીને ગંભીર અકસ્માત નડ્યો છે. બોલેરો ગાડી સિમેન્ટ ગર્ડરથી બચવા જતાં ચાલકે સ્ટિયરિંગ પર કાબૂ ગુમાવતાં રોડની સાઈડની લોખંડની રેલિંગને ટકરાઈ હતી.

જેમાં ગાડીનો આગળના ભાગનો કૂરચેકુરચા બોલી ગયા હતા અને ડ્રાઈવર સાઈડનું ટાયર પણ તૂટીને છૂટું પડી ગયું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનનો સ્ટાફ મુંબઈની આર્થર રોડ સેન્ટ્રલ જેલ ખાતે બે આરોપીઓને મૂકીને પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન એક્સપ્રેસ-વે પર અચાનક સિમેન્ટના ગર્ડરને બચાવવા જતા વાહનચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે સરકારી બોલેરો ગાડી રોડની સાઈડમાં આવેલી લોખંડની રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી.

આ અકસ્માત એટલો ભીષણ હતો કે ગાડીમાં સવાર સાવરકુંડલા ટાઉન પોલીસ મથકના એ.એસ.આઈ. ભગીરથસિંહ રાણા, કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, વિશાલ સોલંકી અને ડ્રાઈવર છાત્રપાલસિંહને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને તંત્ર તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ચારેય ઈજાગ્રસ્ત પોલીસકર્મીઓને વધુ સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ આ મામલે પલસાણા પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

# ૧૧ જિલ્લાના ૫૮ તાલુકામાં વિશ્વ સિંહ દિવસની ઊજવણી કરાશે

અમરેલી:

ગુજરાતમાં દરવર્ષે વિશ્વ સિહદિવસની ઊજવણી કરવામાં આવે છે. આ અંગે દરવર્ષે સરકાર



દ્વારા સિંહદિવસની ઊજવણીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

જેમાં રાજ્યના જિલ્લાઓમાં જે જગ્યાએ સિંહનું વિચરણ છે, ત્યાં શાળા કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ અને ગ્રામજનોના સહકારથી રેલી,સભા અને સિંહ સરક્ષણની પ્રતિજ્ઞા લેવડાવી વગેરેનું આયોજન પણ હોય છે.

ત્યારે આગામી ૧૦મી ઓગસ્ટ અને સોમવારના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાઓમાં કરવામાં આવશે. કાર્યશાળા સાસણ વન્ય પ્રાણી વિભાગના આયોજન હેઠળ સાસણ ખાતે ૨૯મી જુલાઈના કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં સંબોધન કરતા વન્ય પ્રાણી વિભાગના નાયબ વન સંરક્ષક અશ્વિનભાઈ વ્યાસે માનવ અને સિંહ વચ્ચેના સંઘર્ષ ને દુ:ખદ ગણાવીને સિંહ એક પ્રાણી હોવાનું અને માણસ એક સમજુ અને વિવેક સભર વર્તે તેવુ પ્રાણી હોવાનું કહી તેની સાથે વિવેક પૂર્ણ વર્તવાનો ભાર મૂકીને આવા સંઘર્ષને નિવારવા પર જોર આપ્યું હતું. આયોજનની રૂપરેખા પણ તેઓએ રજૂ કરી.

# તોરીના સરપંચ પર હુમલા મુદ્દે દોષિત સામે કડક કાર્યવાહી કરો : ગ્રામજનો

## દોષિત અગાઉ પણ પોલીસ ચોપડે ચડેલો છે, પાસા હેઠળ કાર્યવાહી કરવા કલેક્ટર, SP સમક્ષ માંગ

અમરેલી:

થોડા દિવસ પહેલા વડિયા તાલુકાના તોરી ગામના સરપંચ પ્રવીણભાઈ વિનોદરાય કોટડિયા પર થયેલા હુમલાના બનાવને લઈને સમગ્ર ગામમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. ગ્રામજનોએ સોમવારે જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર પાઠવી હુમલાખોર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, ૨૨ જુલાઈ,ના રોજ તોરી ગ્રામ પંચાયત કચેરી ખાતે સરપંચ પ્રવીણભાઈ કોટડિયા પર યોગેશ વ્રજલાલ પાનસુરીયા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં



સરપંચને માથા તેમજ કાનના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પ્રાથમિક સારવાર બાદ તેમને વધુ સારવાર માટે જેતપુરની સંજીવની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ભાનમાં આવ્યા બાદ વડિયા પોલીસે તેમનું નિવેદન નોંધ્યું હોવાનું આવેદનમાં જણાવાયું છે.ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને દોષિત સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૯ સહિતની લાગુ પડતી કલમો હેઠળ ગુનો નોંધવામાં આવે. આરોપી સામે પાસા હેઠળ અટકાયતી કાર્યવાહી કરી કડક કાયદેસર પગલાં ભરાઈ તેવી જિલ્લા પોલીસ વડા અને કલેક્ટર પાસે લોકો દ્વારા માંગ કરાઈ છે.

આવેદનપત્રમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે શખ્સ? સામે અગાઉ હુમલો, અત્યાચાર અને છેતરપીંડી જેવા ગુનાઓ? નોંધાયેલા છે. રાજકીય વગના કારણે કાયદાનો ભય ન હોવાનો? આક્ષેપ કરતાં ગ્રામજનોએ કાર્યવાહી કરવાની માંગ કરી છે.?

જાહેર સ્થળે સરપંચ પર થયેલા હુમલાથી ગામમાં ભય અને અસુરક્ષાનું વાતાવરણ ઊભું થયું છે. આવી ઘટના લોકશાહી વ્યવસ્થાને પડકારતી હોવાની સાથે શાંતિ અને કાયદો-વ્યવસ્થા માટે પણ ચિંતાજનક હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે.


# અમરેલી જિલ્લાના જ્યોતિષકાર જયપ્રકાશ માઢકે આગાહી કરી

## ગુજરાતમાં ફરી ભારે વરસાદની શક્યતા: ૩૧ જુલાઈથી ૩ ઓગસ્ટ વચ્ચે લો પ્રેશર સક્રિય થશે

અમરેલી:

ગુજરાતમાં ફરી એકવાર ભારે વરસાદનો વધુ એક રાઉન્ડ સક્રિય થવાની આગાહી કરવામાં આવી છે. ૩૧ જુલાઈથી ૩ ઓગસ્ટ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે.અમરેલી જિલ્લાના જ્યોતિષકાર જયપ્રકાશ માઢકે આ આગાહી કરી છે. તેમના મતે, બંગાળની ખાડીમાં સર્જાયેલા નવા લો પ્રેશરને કારણે ગુજરાત અને રાજસ્થાનમાં વરસાદી સિસ્ટમ સક્રિય થશે.

આ સિસ્ટમની અસરથી ખાસ કરીને ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદ ખાબકી શકે છે. ૧ થી ૩ ઓગસ્ટ દરમિયાન ગ્રહો અને નક્ષત્રોમાં થનારા



પરિવર્તનને પણ વરસાદ માટે મહત્વનું પરિબળ ગણાવાયું છે.

અગાઉ પડેલા ભારે વરસાદને કારણે રાજ્યમાં નદીઓ, નાળા અને ડેમોમાં પાણીની આવક વધી છે. ફરી ભારે વરસાદની આગાહીથી તંત્ર, ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારોમાં ચિંતા વધી શકે છે.જોકે, જ્યોતિષ આધારિત આગાહીઓ કરતાં હવામાન વિભાગની સત્તાવાર સૂચનાઓને પ્રાથમિકતા આપવી જરૂરી છે.

# ગૌમાતાને રાષ્ટ્રમાતાનો દરજ્જો આપો: અમરેલીમાં ગાયો લઈ સાધુ- સંતો કલેક્ટર કચેરી પહોંચ્યા




અમરેલી:

ગૌમાતાને રાષ્ટ્રમાતાનો દરજ્જો આપવાની તેમજ દેશભરમાં ગૌવંશના કતલખાનાઓ બંધ કરવાની માંગ સાથે અમરેલીમાં સાધુ-સંતો, ગૌભક્તો અને વિવિધ હિન્દુ સંગઠનોના આગેવાનો દ્વારા ગૌ સન્માન આહ્વાન અભિયાન અંતર્ગત વિશાળ રેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં સાધુ-સંતો, ગૌસેવકો અને હિન્દુ સંગઠનોના હોદ્દેદારો તથા કાર્યકરો ટ્રેક્ટરમાં ગૌમાતાને સાથે રાખીને કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. સમગ્ર રેલી દરમિયાન જય શ્રી રામના નારાઓ સાથે ભગવા ધ્વજ અને બેનરો પ્રદર્શિત કરી ગૌરક્ષણ અંગે જનજાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજને પાઠવાયેલા આવેદનમાં ગૌમાતાને રાષ્ટ્રીય સન્માન મળે તે માટે કેન્દ્ર સરકાર સમક્ષ યોગ્ય રજૂઆત કરવાની માંગ કરવામાં આવી હતી. સાથે જ દેશભરમાં ગૌવંશની હત્યા અટકાવવા કતલખાનાઓ બંધ કરવા માટે પણ અસરકારક પગલાં ભરવાની અપીલ પણ કરવામાં આવી હતી.

રેલીમાં જોડાયેલા ગૌભક્તોએ કચેરીના પટાંગણમાં રામધૂન બોલાવી પોતાની આસ્થા વ્યક્ત કરી હતી. આવેદનને લઈ સકારાત્મક નિર્ણય લેવા સરકાર પાસે માંગ કરી છે.હું છ વર્ષથી ગૌ સેવક તરીકે સેવા કરું છું ભારતમાં ગૌ હત્યા બંધ કરો અને કતલખાનાંશહેરોમાં ભૂખી તરસી રખડતી ગયો માટે સુરક્ષા આપવામાં આવે અને સકારાત્મક નિર્ણય લેવા સરકાર યોગ્ય પગલાં લે:અમૃતા મહેતા, ગૌ સેવકગાયોને સુરક્ષિત કરવા આ સમગ્ર અભિયાન સાધુ સંતો દ્વારા ચાલે છે. અમરેલીના તમામ તાલુકાઓના સંતો અહીં હાજર રહી કલેક્ટર મારફત સરકારને ગાયને રાષ્ટ્રમાતાનો દરજ્જો આપવા આહવાન કર્યું છે:વિવેક તળાવિયા, ગૌ પ્રેમી


# તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિમિટેડ ૩૦ જૂન, ૨૬ના રોજ પૂર્ણ થયેલાં ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામો

રાજકોટ

તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિમિટેડ (ટીએમબી) દેશની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત ખાનગી બેંકો પૈકીની એક છે, જેનું હેડક્વાર્ટર થૂથુકુડીમાં આવેલું છે ૧૦૪ વર્ષનો સમૃદ્ધ ઐતિહાસિક વારસો ધરાવતી આ બેન્ક પોતાના મજબૂત ફાઈનાન્સિયલ બેકગ્રાઉન્ડ તેમજ સતત નફો કરવાના ઉત્કૃષ્ટ ટ્રેક રેકોર્ડ સાથે આગળ વધી રહી છે. ટીએમબી ૧૭ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૬૨૮ શાખાઓ તેમજ ૧૩ પ્રાદેશિક કચેરીઓ સાથે દેશભરમાં હાજરી ધરાવી ૫૩ લાખથી વધુ સંતુષ્ટ ગ્રાહકોને સેવા પૂરી પાડે છે. તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ૨૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ થૂથુકુડી ખાતે યોજાયેલી બેઠકમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના રોજ પૂરાં થયેલાં ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી હતી. બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી સાલી એસ. નાયરે આ પરિણામોની જાહેરાત કરી હતી. આ પ્રસંગે બેન્કના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર, એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડન્ટ્સ અને બેંકના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. તમિલનાડ મર્કેન્ટાઈલ બેંક લિમિટેડના એમડી અને સીઈઓ શ્રી સાલી એસ. નાયરે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નો પ્રથમ ત્રિમાસિક ગાળો અમારા માટે એક સકારાત્મક પ્રારંભ દર્શાવે છે, આ પરિણામો આપણી બિઝનેસ ફ્રેન્ચાઈઝીની મજબૂત કામગીરી અને આપણી વ્યૂહાત્મક પ્રાથમિકતાઓનાશિસ્તબદ્ધ અમલીકરણને દર્શાવે છે. આ ક્વાર્ટરમાં દરેક સેક્ટરમાં વૃદ્ધિ જોવા મળી છે,

# ૧૫૦ થી વધુ બાળકો યુવાનોએ જમતી વખતે ટીવી મોબાઈલ ન જોવાનો લીધો સંકલ્પ

## જાગનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ રાજકોટ મધ્યે: પંન્યાસ શ્રી ગીતાર્થરત્ન વિજય મહારાજ સાહેબ તથા શ્રી હિતાર્થરત્ન વિજય મહારાજ સાહેબની નિશ્રામાં





રાજકોટ

જૈન ધર્મનું પવિત્ર ચાતુર્માસ પર્વ પ્રારંભ થઈ રહ્યું છે તે અંતર્ગત શ્રી જાગનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ રાજકોટ મધ્યે પંન્યાસ શ્રી ગીતાર્થરત્ન વિજય મહારાજ સાહેબ તથા શ્રી હિતાર્થરત્ન વિજય મહારાજ સાહેબની નિશ્રામાં ૧૨ વર્ષથી ૨૫ વર્ષ સુધીના બાળકો યુવક યુવતીઓ માટે સાત રવિવારીય શિબિર નું આયોજન થયું છે. માય લાઈફ માય ચોઈસ વિષય પર આયોજિત પ્રથમ શિબિરમાં ૧૫૦ થી વધુ બાળક બાળિકાઓ, યુવક યુવતીઓ જોડાયા હતા. રાઈટ ચોઈસ વિશે સમજણ અને સંસ્કાર મેળવતા ૧૫૦ થી વધુ યંગસ્ટરઓએ જમતી વખતે ટીવી મોબાઈલ ન જોવાના સંકલ્પ લીધા હતા. સંસ્કારનું સિંચન કરતી આ શિબિર દર રવિવારે બપોરે ૩.૩૦ થી ૫.૦૦ સુધી ચાલે છે. આપના સંતાનોને પણ તેમાં સંસ્કારોનું સિંચન કરાવવા જણાવશો. એડમિશન માટે ૯૮૭૯૭૯૭૬૨૮, જેની જાગનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ ના ટ્રસ્ટીશ્રીઓ દિનેશભાઈ પારેખ, પ્રફુલભાઈ શાહ, જયંતભાઈ શાહ, દીપકભાઈ વસા અને નેહલભાઈ શાહની યાદી જણાવે છે

# રાજકોટના માંડા ડુંગર ટ્રક હડફેટે રાહદારી વૃધ્ધનું મોત : પરિવારમાં ગમગીની

રાજકોટ,

રાજકોટ આજીડેમ ચોકડીથી માંડા ડુંગરના રસ્તે સર્વિસ રોડ પર હિટ એન્ડ રનની ઘટનામાં માંડા ડુંગર પાસે સુંદરમ્ સોસાયટીમાં રહેતાં પ્રજાપતિ પ્રૌઢનું મૃત્યુ થયું છે. ફેકટરીના બગીચામાં માળી તરીકે નોકરી કરતાં પ્રૌઢ નોકરી પુરી કરી પગપાળા ઘરે જતાં હતાં ત્યાનરે ટ્રકનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં તેમનું મૃત્યુ થયું છે.

જાણવા મળ્યા મુજબ રાજકોટના માંડા ડુંગર નજીક સુંદરમ્ સોસાયટીમાં રહેતાં રવજીભાઇ વાલજીભાઇ પરમાર-ગુર્જર પ્રજાપતિ (ઉ.વ.૫૮) સાંજે સાડા પાંચેક વાગ્યે માંડા ડુંગર નજીક ભવાની કારખાના પાસે સર્વિસ રોડ પર ચાલીને ઘર તરફ આવતાં હતાં ત્યારે ટ્રકનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઇજાઓ થઇ હતી. બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં રવજીભાઇના કુટુંબીજનોને જાણ કરવામાં આવી હતી.રવજીભાઇને સારવાર માટે જી. ટી. શેઠ ઓર્થોપેડિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયા હતાં. સારવારમાં તેનું મોત થયું હતું

મૃત્યુ પામનાર રવજીભાઇ ત્રણ ભાઈ અને ત્રણ બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોતે ભવાની કારખાના પાસે બગીચામાં માળી તરીકે નોકરી કરતાં હતાં. નોકરી પુરી થતાં ઘરે આવી રહ્યા હતાં ત્યારે ટ્રકનો ચાલક ઠોકરે ચડાવી ટ્રક લઇ ભાગી ગયો હતો. આજીડેમ પોલીસે ટ્રકચાલકની શોધખોળ હાથ ધરી છે.

# ગોંડલ પંથકમાં ચોરીને અંજામ આપી નાસતો ફરતો સીકલીગર ગેંગનો સાગરીત ઝડપાયો

રાજકોટ,

ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં દોઢ વર્ષથી નાસતા ફરતા ખેડાના મહેમદાબાદના સીકલીગર ગેંગના સાગરીતને રૂરલ એલસીબીની ટીમે રીબડા ચોકડી પાસેથી ઝડપી લઇ જરૂરી કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ગંભીર પ્રકારના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટેની આપેલ સૂચનાથી રૂરલ એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરી હેઠળ ટીમ તપાસમાં હતી. દરમિયાન એવી બાતમી મળી હતી કે, ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં ફરાર આરોપી હાલ ગોંડલ પાસેના વિસ્તારમાં આંટાફેરા કરે છે. આ બાતમીના આધારે પોલીસની ટીમને વોચ ગોઠવી હતી.

દરમિયાન ગોંડલ તાલુકાના રીબડા ચોકડી પાસેથી ફરાર આરોપી કતારસિંહ ઈશ્વરસિંગ ટાંક (સીકલીગર) (રહે. મહેમદાબાદ જી. ખેડા) ને ઝડપી લઇ ગોંડલ તાલુકા પોલીસના હવાલે કર્યો હતો. આરોપી સામે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો નોંધાયા બાદ તે છેલ્લા દોઢ વર્ષથી તે નાસતો ફરતો હતો.આ કામગીરીમાં એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરી હેઠળ પીએસઆઇ એચ.સી. ગોહિલ, કે.એમ. ચાવડા, આર.વી.ભીમાણી, પી.એન. ભરવાડ, એએસઆઇ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, સહિતનો સ્ટાફે કરી હતી.

# રાજકોટમાં હૃદયરોગના હુમલોનો કહેર યથાવત: વધુ ચારનાં મોત

### શમાલીયાસણ ખાતે શ્રમિક, ભગવતીપરામાં આધેડ, સ્લમ ક્વાર્ટર અને સદરબજારમાં પ્રૌઢાના મોત





રાજકોટ,

રાજકોટ શહેરમાં હૃદયરોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ વધુ ચાર લોકોના શ્ર્વાસ થંભી ગયા છે. જેમાં માલીયાસણ ખાતે શ્રમિક ભગવતીપરામાં આધેડ, સ્લમ કવાર્ટરમાં પ્રૌઢ, સદરબજારમાં પ્રૌઢા અને ધરમ ટોકીઝ પાસે ગર્વમેન્ટ કવાર્ટરમાં વૃધ્ધનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું છે. આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ, તમિલનાડુમાં રહેતા શંકરભાઈ રંગનભાઈ (ઉ.૪૫) સાંજના પાંચેક વાગ્યાના અરસામાં માલીયાસણ ખાતે આવેલા શ્રીરામ ટ્રાન્સપોર્ટ ખાતે હતાં ત્યારે છાતીમાં દુ:ખાવો ઉપડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં તબીબે પ્રૌઢનું હાર્ટએટેકથી મોત નિપજ્યાનું જાહેર કર્યુ હતું. બીજા બનાવમાં ભગવતીપરામાં રહેતા યુનુસભાઈ નુરમહમદભાઈ હરઝાદા (ઉ.પર) પોતાના ઘરે હતાં ત્યારે હૃદયરોગનો હુમલો આવતાં સારવાર માટે ખસેડાયા હતાં. આધેડનું હોસ્પિટલના બીછાને મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

ત્રીજા બનાવમાં જામનગર રોડ પર સ્લમ કવાર્ટરમાં રહેતાં સુરેશભાઈ શાંતિલાલ ગોહિલ (ઉ.૫૦)ને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં તબીબે આધેડનું હાર્ટએટેકથી મોત નિપજ્યું હોવાનું જાહેર કર્યુ હતું. ચોથા બનાવમાં સદરબજારમાં આવેલા ઠક્કરબાપા હરિજનવાસમાં રહેતાં જમનાબેન રસીકભાઈ મકવાણા નામના પર વર્ષના મહિલા સફાઈ કામદારનું હૃદયરોગના હુમલાથી મોત નિપજતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રૌઢાને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી છે. પાંચમાં બનાવમાં કસ્તુરબા રોડ પર ધરમ ટોકીઝ પાસે ગર્વમેન્ટ કવાર્ટરમાં રહેતાં ખીમશીભાઈ લક્ષ્મણભાઈ મોરી (ઉ.૬૮) પોતાના ઘરે હતાં ત્યારે બેભાન હાલતમાં ઢળી પડયા હતાં. વૃધ્ધને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું હોવાનું તબીબે જાહેર કરતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. આ ઉપરાંત અન્ય બનાવમાં જુદા જુદા પાંચ સ્થળે યુવાન સહિત પાંચ લોકોના બેભાન હાલતમાં મોત નિપજયા હતાં. જેમાં સરિતા વિહાર સોસાયટીમાં રહેતાં રમેશભાઈ બેચરભાઈ વાઘેલા (ઉ.પર), ૧૫૦ ફુટ રીંગ રોડ પર આંબેડકરનગરમાં રહેતાં લક્ષ્મણભાઈ ચિકાભાઈ ચૌહાણ (ઉ.૬૨), ગોંડલ રોડ પર સદ્ભાવના વૃધ્ધાશ્રમમાં આશ્રય લઈ રહેલા હિતેશભાઈ નગીનભાઈ દોશી (ઉ.૫૪), યુનિવર્સિટી રોડ પર બાનુ ઘર વૃધ્ધાશ્રમમાં આશ્રય લઈ રહેલા દુર્ગાબા (ઉ.૬૦) અને કોઠારીયા રોડ પર આનંદ કવાર્ટરમાં રહેતા હર્ષિદભાઈ ચંદુભાઈ ચૌહાણ (ઉ.૨૮)નું બિમારી સબબ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજયું હતું. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રદ્યુમ્નપાર્ક ઝૂમાં ૩ સિંહબાળની ગર્જના ગુંજી ઉઠી

### ઝૂમાં સિંહ 'ધનંજય' સાથેના સંવનનથી સિંહણ 'ધરતી'એ વધુ ૩ સિંહબાળને જન્મ આપ્યો, ૨૦ સિંહોનો થયો પરિવાર



રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત પ્રદ્યુમન પાર્ક ઝૂમાં એશિયાઈ સિંહોના સંવર્ધન ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ સફળતા મળી છે. ઝૂની સિંહણ 'ધરતી'એ ૨૨ જુલાઈ, ૨૦૨૬ની રાત્રે ૧૦૭ દિવસની ગર્ભાવસ્થા પૂર્ણ થયા બાદ ત્રણ તંદુરસ્ત સિંહબાળને જન્મ આપ્યો છે. નવા બચ્ચાના જન્મ સાથે પ્રદ્યુમન પાર્ક ઝૂમાં એશિયાઈ સિંહોની કુલ સંખ્યા વધીને ૨૦ પર પહોંચી છે.ઝૂ તંત્રના જણાવ્યા મુજબ નવજાત ત્રણેય સિંહબાળ અને તેમની માતા સંપૂર્ણપણે સ્વસ્થ છે. વેટરનરી અધિકારીઓ અને નિષ્ણાતોની ટીમ દ્વારા તેમની સતત આરોગ્ય દેખરેખ રાખવામાં આવી રહી છે. માતા અને બચ્ચાઓને કોઈપણ પ્રકારનો તનાવ ન થાય તે માટે ૨૪ કલાક સીસીટીવી કેમેરા દ્વારા મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ ૧૧ જૂન, ૨૦૨૫ના રોજ સિંહણ 'ધારા'એ પણ ત્રણ સિંહબાળને જન્મ આપ્યો હતો. ધારાએ અગાઉ ૫ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બે સિંહબાળને જન્મ આપ્યો હતો. ધરતીના તાજેતરના પ્રસવ બાદ પ્રદ્યુમન પાર્ક ઝૂમાં હાલમાં ૪ પુખ્ત નર, ૮ પુખ્ત માદા, ૨ યુવાન નર અને ૬ નાનાં તથા નવજાત બચ્ચાં સહિત કુલ ૨૦ એશિયાઈ સિંહો છે. અત્યાર સુધીમાં ઝૂમાં કુલ ૫૮ સિંહબાળનો સફળ જન્મ નોંધાયો છે. સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીના માર્ગદર્શન હેઠળ વિકસિત રાજકોટ પ્રદ્યુમન પાર્ક ઝૂમાં વનપ્રાણીઓને કુદરતી વાતાવરણ પૂરું પાડવામાં આવતું હોવાથી એશિયાઈ સિંહ અને સફેદ વાઘના સફળ સંવર્ધનમાં સતત સફળતા મળી રહી છે. વન્યપ્રાણી વિનિમય યોજના હેઠળ રાજકોટ ઝૂએ દેશના અનેક અગ્રણી પ્રાણીઉદ્યાનોને એશિયાઈ સિંહો આપીને તેના બદલામાં અન્ય દુર્લભ પ્રજાતિના પ્રાણીઓ અને પક્ષીઓ મેળવ્યા છે. હાલ પ્રદ્યુમન પાર્ક ઝૂમાં ૭૦ પ્રજાતિના કુલ ૬૧૪ જેટલા વન્યપ્રાણીઓ અને પક્ષીઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. દર વર્ષે અંદાજે ૭ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાત લે છે અને નવા સિંહબાળના આગમનની આગામી સમયમાં મુલાકાતીઓની સંખ્યામાં વધુ વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# રાજકોટના કુવાડવામાં એરપોર્ટના કર્મચારીએ માતા-પિતાના વિરહમાં ફિનાઈલ પી લીધું

રાજકોટ,

રાજકોટ શહેરની ભાગોળે કુવાડવા ગામે રહેતાં અને હિરાસર એરપોર્ટમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતાં યુવાને માતા-પિતાના વિરહમાં ફિનાઈલ પી લીધું હતું. યુવકની તબિયત લથડતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, કુવાડવા રોડ પર હરીઓમ ચોકમાં રહેતાં મણીરાજ મગનલાલ ગોહિલ નામનો ૩૦ વર્ષનો યુવાન સાંજના છએક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં મણીરાજ પાંચ બહેનોનો એકનો એક ભાઈ અને અપરિણીત છે. મણિરાજ હિરાસર એરપોર્ટમાં કાયમી ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. કોરોના કાળમાં માતા પિતાનું અવસાન થતાં તેમના વિરહમાં ફિનાઈલ પીધું હોવાનું જાણવા મળ્યું છે.હાલ યુવાન સારવાર હેઠળ છે.

# રાજકોટથી સુરાપુરાના દર્શને જતાં આધેડનું આઇસરમાંથી પડી જતાં મોત

### કુવાડવા રોડ પર રહેતો પરિવાર તેના કુટુબના સભ્યો સાથે દર્શને જતાં હતા: ભરવાડ પરિવારમાં શોક

રાજકોટ,

રાજકોટ શહેરના સામાકાંઠે કુવાડવા રોડ પર રહેતો પરિવાર તેના કુટુબના સભ્યો સાથે આઈસરમાં બેસી સુરાપુરાના દર્શને જતો હતો. દરમિયાન થાનગઢના રાણીપર ગામ પાસે આઈસરમાંથી પડી જતા આધેડનુ ગંભીર ઈજા થતા સારવાર દરમિયાન મોત નીપજયુ હતું. આ બનાવથી ભરવાડ પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ રાજકોટના કુવાડવા રોડ પર રહેતા ગોવિંદભાઇ ગાડુભાઇ ગમારા (ઉ.વ.૫૦)નામના આધેડ તેમના બે ભત્રીજા સહિત કુટુબના ૨૦ લોકો આઈસરમાં બેસી થાનગઢના રાણીપર ગામે સુરાપુરાના મંદિરે હવન હોવાથી દર્શન કરવા જઇ રહ્યા હતા.દરમિયાન રાણીપર ગામ નજીક પહોંતા ગોવિંદભાઇ અકસ્માતે આઈસરમાંથી પડી જતા તેમને માથાના ભાગે તથા શરીરે ઈજા પહોંચતા સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. પ્રાથમિક તપાસમાં મૃતક ગોવિંદભાઇ પાંચ ભાઈમાં મોટા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે. આ બનાવથી ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં ગમગીની છવાઇ જવા પામી છે.પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજકોટના ગૌરીદડ ગામે નાની બહેન યુવાન સાથે ભાગી જતા મોટી બહેને ફિનાઇલ ગટગટાવી લીધું

રાજકોટ,

રાજકોટ શહેરની ભાગોળે ગૌરીદડ ગામે રહેતી યુવતીએ નાની બહેન અન્ય યુવક સાથે ભાગી જતા લાગી આવવાથી ફિનાઈલ પી લેતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

જાણવા મળતી વિગત મુજબ રાજકોટના ગૌરીદડ ગામે હેરશ અજાણીની વાડીમાં રહેતી પીક્રલ વખતસિંહ નાઈકા (ઉ.વ.૨૦)નામની યુવતીએ ગઈકાલે રાત્રે વાડીએ હતી. ત્યારે ફિનાઈલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં પીક્રલ બે બહેનમાં મોટી અને મામા સાથે રહી ખેતી કામ કરતી હતી. તેની નાની બહેન પાંચ દિવસ પહેલા કોઇ યુવક સાથે ભાગી જતા તેણીએ લાગી આવતા આ પગલું લીધાનુ જાણવા મળ્યુ છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી કુવાડવા રોડ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઇ નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટના આજીનદીના કાંઠે પથ્થર ઝીંકી પિતાનું માથું ફોડી નાખ્યું

### પૌત્રને ખિજાવાની ટકોર કરતા પુત્ર વિફર્યો હતો શરમજનક ઘટના

રાજકોટ,


રાજકોટ શહેરના નવા થોરાળા વિસ્તારમાં આજી નદીના કાંઠે આવેલા ટેક્ટર ચોક પાસે એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં નજીવા પ્રશ્ને પુત્રે પોતાના જ પિતા પર જીવલેણ હુમલો કર્યો હોવાની ગંભીર ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી દિલીપભાઈ મનજીભાઈ મકવાણા (ઉં.વ. ૫૫) મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.ગત તારીખ ૨૭ જુલાઈ ૨૦૨૬ના રોજ સાંજના સાડા પાંચેક વાગ્યાના અરસામાં દિલીપભાઈના મોટા પુત્ર અનીલ દિલીપભાઈ મકવાણા પોતાના જ દીકરાને કોઈ બાબતે ખીજાઈ રહ્યો હતો. આ દ્રશ્ય જોઈને દાદા તરીકે દિલીપભાઈએ પોતાના પુત્ર અનીલને દીકરાને નહીં ખિજાવાની સામાન્ય ટકોર કરી હતી, જે અનીલને સહન ન થતાં પિતા-પુત્ર વચ્ચે બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. આ સામાન્ય બોલાચાલી એટલી હદે વધી ગઈ કે આરોપી અનીલ ઉશ્કેરાઈ ગયો અને પિતા સામે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી બેફામ ગાળો બોલવા લાગ્યો હતો.

જ્યારે પિતાએ તેને ગાળો બોલવાની ના પાડી ત્યારે તે વધુ ગુસ્સે ભરાયો હતો અને આવેશમાં આવીને નજીકમાં પડેલા પથ્થરના છૂટા ઘા પિતા પર કરવા લાગ્યો હતો.આ હુમલા દરમિયાન એક પથ્થર દિલીપભાઈના માથાના પાછળના ભાગે વાગતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી અને લોહી વહેવા લાગ્યું હતું, જ્યારે હુમલો કર્યા બાદ આરોપી પુત્ર અનીલ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

આ લોહિયાળ બનાવ બાદ તરત જ અન્ય પુત્ર અજય મકવાણાએ પિતાને તાત્કાલિક રીક્ષામાં બેસાડીને પહેલા ગુંદાવાડી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા, જ્યાં ઈજાગ્રસ્ત પિતાના માથાના ભાગે ચાર ટાંકા આવ્યા હતા. સારવાર મેળવ્યા બાદ ભોગ બનનાર પિતાએ થોરાળા પોલીસ સ્ટેશનમાં હાજર થઈને પોતાના જ પુત્ર વિરુદ્ધ ધોરણસરની ફરિયાદ નોંધાવી છે.

# રાજકોટના ધરમ સિનેમા પાસે રીક્ષા- બાઈક અકસ્માતમાં તાલીમાર્થી પોલીસ જવાનનું મોત



રાજકોટ,

રાજકોટ શહેરમાં ધરમ સિનેમા પાસે વહેલી સવારે રીક્ષાએ બાઈકને ઠોકરે લીધું હતું. જેમાં તાલીમાર્થી પોલીસ જવાન કેયુર રામાણીનું મોત નીપજ્યું હતું. ૨૩ વર્ષીય કેયુર રામાણી તાજેતરમાં જ પોલીસ ભરતીમાં પાસ થયેલ, મવડી હેડ ક્વાર્ટરેથી ઘરે જતા અકસ્માત નડ્યો હતો.

આ અંગે મળતી માહિતી અનુસાર, રાજકોટના કુવાડવા રોડ સરદાર પટેલ કોલોનીમાં રહેતા કેયુરભાઈ શૈલેષભાઈ રામાણી (ઉ. વ. ૨૩)વહેલી સવારે ૫.૩૦ વાગ્યાં આસપાસ પોતે એક્ટિવા લઈને જતા હતા ત્યારે ધરમ સિનેમા ચોક (આર વર્લ્ડ ટોકીઝ) પાસે પુરપાટ ઝડપે આવેલી રીક્ષાએ ઠોકરે લેતા કેયુર રામાણીને માથે અને શરીરે ગંભીર ઈજા થઈ હતી. કેયુરભાઈને પ્રથમ રાજકોટ સિવિલ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે કેયુરને ગંભીર હાલતમાં વોકહાર્ટ હોસ્પિટલમાં ખસેડાતા. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું . પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ, તાજેતરની લોકરક્ષક કોન્સ્ટેબલ ભરતી પરીક્ષામાં કેયુરભાઈ ઉત્તીર્ણ થયા હતા.ભરતી પરીક્ષા પાસ કરતા તેમને મહુડી પોલીસ હેડ ક્વાર્ટર ખાતે તાલીમમાં મુકાયા હતા. આજે સવારે સાડા પાંચ વાગ્યે તેઓ મહુડી હેડ કોટર ખાતેથી તાલીમમાં હોય ત્યાંથી તેઓ પોતાના ઘરે જતા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. પરિવારજનોના જણાવ્યા મુજબ કેયુરભાઈ બે ભાઈ અને એક બહેનમાં નાના હતા. તેમણે ચારેક મહિના પહેલા જ પોલીસ વિભાગ જોઈન કરી તાલીમ મેળવવાનું શરૂ કર્યું હતું.પરિવારમાં શોક છવાયો છે.

# રાજકોટમાં પોલીસના અલગ અલગ દરોડામાં જુગાર રમતા વધુ ૧૭ પકડાયા

### ઘંટેશ્વર ૨૫ વારિયા ક્વાર્ટર, પોપટપરા અને પરસાણાનગરમાં પોલીસ ત્રાટકતા નાસભાગ

રાજકોટ,

રાજકોટ શહેરમાં તહેવારો નજીક આવતાં જ જુગારીઓ જુગાર રમી રહ્યા હોવાની બાતમી આધારે ગાંધીગ્રામ પોલીસે ઘંટેશ્વર ૨૫ વારિયા ક્વાર્ટર સામે જાહેરમાં જુગાર રમતા ચાર મહિલા સહિત પાંચને રૂ.૧૨૩૦૦ ની રોકડ સાથે આ ઉપરાંત પ્ર.નગર પોલીસે પોપટપરા શેરી નંબર ૨માં જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોનેને રૂ.૧૨૪૦૦ની રોકડ સાથે અને પરસાણા નગરમાં નાલા પાસે જાહેરમાં જુગાર રમતા રૂ.૧૦૮૦ની રોકડ સાથે પકડી પાડી જુગારધારા કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ, ગાંધીગ્રામ પોલીસ પેટ્રોલિંગ કરતી ઘંટેશ્વર ૨૫ વારિયા ક્વાર્ટર બનારસની દુકાન સામે પહોંચતા અમુક મહિલાઓને કુંડાળુ કરીને કંઈક પ્રવૃત્તિ કરતી હોય તેમના ઘરે પડતા દરોડો પાડયો હતો. જ્યાં જુગાર રમતા ચાર મહિલા સહિત એક શખ્સને પકડી પાડ્યા હતા.જેમાં ગીતાબેન અરવિંદ મકવાણા (રહે ઘંટેશ્વર ૨૫ વારિયા ક્વાર્ટર), પિક્રીબેન સવજી નકુમ (રહે રીબડા ગામ), આરતીબેન વિકીભાઈ વાહનીકિયા, રજીયાબેન શરીફ પમા,બબરસિંગ સજશેરસિંગ રાજુની (ત્રણેય રહે ઘંટેશ્વર ૨૫ વારિયા ક્વાર્ટર) નો સમાવેશ થાય છે.પોલીસે પટમાંથી રૂ.૧૨૩૦૦ની રોકડ કબજે કરી જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં પ્ર.નગર પોલીસે બે અલગ અલગ સ્થળો પર જુગાર દરોડા પાડ્યા હતા. જેમાં પોપટ પરા શેરી નંબર ૨માં જુગાર રમતા રાજુ ધરમશી ગેડાણી (રહે પોપટપરા), રવિ બીજલ લાલવાણી (રહે બજરંગવાડી), અમિત મુન્ના રાઠોડ, નિલેશ દેવજી વાવેચા (બંને રહે પોપટપરા), અજય ધનજી પાટડીયા (રહે બજરંગવાડી) ને પકડી રૂ.૧૨૪૦૦ની રોકડ કબજે કરી હતી.જ્યારે સિંધી કોલોની પાસે પરસાણા નગર શેરી નંબર ૫ પાસે આવેલ નાલા પાસે ખુલી જગ્યામાં જુગાર રમતા સંજય ધનજી વાઘેલા, ગોપી ભગુ મેરાણ, હરેશ નારણ વાઘેલા(ત્રણેય રહે પરસાણા નગર) ને પકડી રૂ.૧૦૮૦ની રોકડ કબજે કરી તમામ સામે જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી

# રાજકોટમાં યુવતીને સ્નેપચેટ પર મેસેજ કરનાર યુવાનના હત્યાના ગુનામાં સગીર સહિત ચાર પકડાયા



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટના રૂખડીયાપરા વિસ્તારમાં યુવતીને ઈન્સ્ટાગ્રામ મેસેજ કર્યાનો ખાર રાખી યુવતીના ભાઈ સહિતના ચાર શખ્સોએ યુવકને ચા પીવાના બહાને લઈ જઈ બેરહેમીથી માર મારી મોતને ઘાટ ઉતાર્યો હતો. બાદમાં હત્યારા શખ્સો યુવકના મૃતદેહને તેના જ ઘર પાસે ફેંકીને નાસી છુટયા હતાં. યુવકના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. પોલીસે યુવકની હત્યા નિપજાવનાર કાયદાના સંઘર્ષમાં આવેલા સગીર સહિત ચારેય શખ્સોને ઝડપી લીધા હતાં.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રૂખડીયાપરા વિસ્તારમાં રહેતો અને કલર કામ કરતો ઉમંગ રણજીતભાઈ ઝાખેલીયા નામનો ૨૩ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે બપોરના અઢી વાગ્યાના આસપાસ પાડોશમાં રહેતાં મિત્ર અખતરનો નાનો ભાઈ નાજીર તેને ચા પીવાના બહાને બાઈક પર બેસાડી ભગવતીપરા નદીના કાંઠે લઈ ગયો હતો. જ્યાં નાઝીર તેના ફેઈના પુત્ર આસીફ સહિતના અજાણ્યા શખ્સોએ ધોકા પાઈપ વડે બેરહેમીથી માર માર્યો હતો. બેભાન હાલતમાં ઢળી પડેલા ઉમંગ ઝાખેલીયાને આસીફ અને નાઝીર બાઈકમાં બેસાડી તેના ઘર પાસે ફેંકી દઈ નાસી છુટયા હતાં. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ગંભીર રીતે ઘવાયેલા યુવાન સારવાર મળે તે પૂર્વે જ દમ તોડી દેતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. ઘટનાની જાણ થતાં પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ સહિતના ઉચ્ચ અધિકારીઓ સિવિલ હોસ્પિટલ અને ઘટના સ્થળે દોડી ગયા હતાં.

પ્રાથમિક પુછપરછમાં મૃતક ઉમંગ ઝાખેલીયા બે ભાઈમાં મોટો હતો અને કલર કામ કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો.

ઉમંગ ઝાખેલીયાએ હુમલાખોર નાજીરની બહેનને ઈન્સ્ટાગ્રામમાં મેસેજ કર્યો હતો. જેની જાણ થતાં નાઝીરે તેના ફેઈના પુત્ર સહિતના બે મિત્ર સાથે મળી ઉમંગ ઝાખેલીયાને ચા પીવાના બહાને બહાર લઈ જઈ બેરહેમીથી માર મારી મોતને ઘાટ ઉતારી મૃતદેહને ઘર પાસે ફેંકી દીધો હતો. તે દરમિયાન ઉમંગના ઘરની બાજુમાં દુકાન ધરાવતાં વિજયભાઈએ બુમાબુમ કરતાં નાઝીર અને આસીફે તેને પણ 'તું સામે આવીશ તો તને પણ મારી નાખશું તેવી ધમકી આપી નાસી છુટયા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે હત્યાનો ભેદ ગણતરીની કલાકોમાં ઉકેલી નાખ્યો હતો અને હત્યારા સુજલ કાળુભાઈ રામાવત (રહે.નરસંગપરા), ગુલાબ હુશેન ઉર્ફે આસીફ ઓસમાણભાઈ કકલ (રહે. રૂખડીયાપરા), નાઝીર ઉર્ફે ઘેટી જુસબભાઈ નગામણા (રહે. રૂખડીયાપરા) અને કાયદાના સંઘર્ષમાં આવેલા સગીરને ઝડપી લીધા હતાં. પોલીસે ઝડપાયેલા ચારેય શખ્સો વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ આગળ ધપાવી છે.

# રાજકોટના બામણબોર નજીક ક્વાર્ટરમાંથી રૂ.૭.૨૪ લાખના ગાંજા સાથે સગીર સહિત બે પકડાયા: એક ફરાર

### ઓરીસ્સાથી ગાંજો લાવ્યાની કબૂલાત: શહેર એસઓજીની ટીમની કાર્યવાહી



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટમાં 'સે નો ટુ ડ્રગ્સ' ઝુંબેશ અંતર્ગત એસઓજીની ટીમે અમદાવાદ-રાજકોટ હાઈવે પર બામણબોર નજીક દરોડો પાડી ઓરિસ્સાથી રૂ. ૭.૨૪ લાખથી વધુની કિંમતનો ૧૪.૪૮૫ કિલોગ્રામ ગાંજા લાવનાર બે કેરિયરને ઝડપી લીધા હતા. જયારે જથ્થો મંગાવનારનું નામ ખુલ્યું હોય તેની શોધખોળ શરૂ કરી છે.શહેરમાં યુવાનોમાં નશાનું પ્રમાણ અટકાવવા અને માદક પદાર્થોના વેચાણ પર અંકુશ લગાવવા એસઓજી ટીમ કાર્યરત છે ત્યારે બાતમી મળી હતી, કે બે શખ્સો વિપુલ પ્રમાણમાં માદક પદાર્થ લઈ બામણબોર તરફથી રાજકોટ આવી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે અમદાવાદ-રાજકોટ હાઈવે પર રામદેવ હોટેલ પાસે વોચ ગોઠવી હતી.

દરમિયાન, શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા બે શખ્સોને રોકી તલાશી લેતા તેમની પાસેના પોટલાની માંથી નશીલો પદાર્થ મળી આવ્યો હતો. એસઓજીની ટીમે રૂ.૭.૨૪ લાખના ૧૪.૪૮૫ કિલોગ્રામ ગાંજા સહીતનો મુદમાલ સાથે આરએમસી ક્વાર્ટર, બાલાજી હોલ પાછળ રહેતા વનરાજ ઉર્ફે ટકો રવજીભાઈ ઉર્ફે સવજીભાઈ હાંડા અને સગીર આરોપીને ઝડપી લઇ ગાંજા સહીતનો મુદમાલ કબજે કરી આ મામલે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. એસઓજીની પ્રાથમિક પૂછપરછમાં જાણવા વનરાજે ખુલાસો કર્યો હતો કે તે પોતે કેટરિંગનું કામ કરે છે. તે અને સગીર માત્ર 'કેરિયર' તરીકે કામ કરતા હતા. રાજકોટના મુખ્ય સૂત્રધાર હિતેશ ગોહેલના કહેવાથી તેઓ ઓરિસ્સાથી આ ગાંજાનો જથ્થો રાજકોટ લાવ્યા હતા અને આ માટે હિતેશ તેમને નક્કી કરેલું કમિશન આપતો હતો. આ પૂર્વે પણ તેઓ ઓરિસ્સાથી એક ખેપ સફળતાપૂર્વક મારી ચૂક્યા હોવાનું તેમણે કબૂલ્યું છે. હાલ પોલીસે મુખ્ય આરોપી હિતેશ ગોહેલને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.તેમજ પકડાયેલા આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે, આ કામગીરી રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાના માર્ગદર્શન હેઠળ એસઓજી પીઆઈ એન. બી. ચૌધરી અને તેમની ટીમના પીએસઆઈ વી.વી.ધ્રાંગુ તથા એ.એસ.આઈ. અરૂણભાઈ બાંભણીયા , વિરેન્દ્રસિંહ ઝાલા , હરદેવસિંહ દિલુભા , યોગરાજસિંહ છનુભા , ધર્મેન્દ્રસિંહ હરીશચંદ્રસિંહ , અનોપસિંહ પ્રવિણસિંહ , ધ્રુવરાજસિંહ ગોહિલ , વિરભદ્રસિંહ ગોહિલ , મહિલા કોન્સ્ટેબલ મોનાબેન બુસા તથા ડ્રાઈવર નિર્મળસિંહ જયેન્દ્રસિંહએ કરી હતી.